# SAMAJ AARSI

Published On 18'th Date

(Gujarati Monthly)

# સમાજ આરસી

## SHRI ZALAWAD VISHA SHRIMALI STHANAKWASI JAIN SAMAJ - AHMEDABAD

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ - અમદાવાદ

Cont. Issue : 242

JANUARY - 2025

Price : Rs. 40/-


Issue : 2

Vol. : 21





# કામ પ્રત્યેનું સમર્પણ



એક વાર આઇન્સ્ટાઇન પોતાની લેબોરેટરીમાં કામ કરવા માટે વહેલી સવારના ગયા તે જમવા માટે બહાર જ ન આવ્યા. સાંજ પડવા આવી, આથી આઇન્સ્ટાઇનનો એક આસિસ્ટન્ટ લેબોરેટરીમાં ગયો અને જોયું તો આઇન્સ્ટાઇન પોતાના કામમાં ખૂબ જ વ્યસ્ત હતા. આસિસ્ટન્ટે જમવાનું પૂછ્યું તો આઇન્સ્ટાઇને ના પાડી.

પેલો આસિસ્ટન્ટ આઇન્સ્ટાઇનનું ખૂબ જ ધ્યાન રાખતો હતો એટલે એણે એક કપ કોફી તૈયાર કરી અને એ કોફીનો કપ લઈને આઇન્સ્ટાઇન જે ટેબલ પર કામ કરતા હતા ત્યાં ગયો; અને કોફીનો કપ ટેબલ પર મૂકીને કહ્યું, "તમે સવારથી કંઈ જ જમ્યા નથી. આટલી કોફી પી લેજો.

થોડા સમય પછી પેલો આસિસ્ટન્ટ કોફીનો ખાલી કપ લેવા આવ્યો અને ટેબલ પર નજર કરી તો કોફીનો કપ એમ જ ભરેલો પડ્યો હતો. આઇન્સ્ટાઇને એક ઘૂંટડો પણ કોફી પીધી ન હતી. આથી પેલો આસિસ્ટન્ટ થોડો ખિજાયો અને કહ્યું, તમારા માટે કોફીનો એક કપ તૈયાર કરીને તમારા ટેબલ સુધી મૂક્યો અને તમે એ પણ પીધો નહીં. કોફી તો તમે કામ કરતા-કરતા પણ પી શક્યા હોત !

આઇન્સ્ટાઇને ટેબલ પર જોયું તો કોફીનો કપ આખો એમ જ ભરેલો હતો. આઇન્સ્ટાઇન પોતાના માથા પર હાથ ફેરવવા લાગ્યા અને કંઈક વિચારવા લાગ્યા. પેલા આસિસ્ટન્ટે પૂછ્યું, "શું થયું ?" ત્યારે આઇન્સ્ટાઇને કહ્યું, "મેં કંઇક પીધું તો ખરું. જો કોફીનો કપ એમ જ ભરેલો છે, તો મેં શું પીધું એ વિચારું છું.

આઇન્સ્ટાઇનના કાળા હોઠ જોઇને આસિસ્ટન્ટને તુરંત જ ખ્યાલ આવી ગયો અને ટેબલ પર જોતા જ એ હસવા લાગ્યો. આઇન્સ્ટાઇને પૂછ્યું, "કેમ હસે છે ત્યારે પેલો બોલ્યો, "તમે ટેબલ પર કોફીના કપની બાજુમાં પડેલો પેનમાં પૂરવાની શાહીનો કપ ઉપાડીને તે પી ગયા છો !

આઇન્સ્ટાઇન પોતાના કામમાં એવા મશગૂલ હતા કે એ કોફી પીવે છે કે શાહી પીવે છે; એ પણ એમને ખબર નહોતી. કામ પ્રત્યેનું કેવું સમર્પણ !

મહાન વૈજ્ઞાનિક એડિસન કહેતા, "મારી સફળતાનું રહસ્ય એ હતું કે, હું મારા કામ કરવાના ખંડમાં કદી ઘડિયાળ રાખતો ન હતો.' આપણે પણ અભ્યાસ કે આપણા કામ પ્રત્યે આવા જ સમર્પિત થઈ શકીએ, તો સફળતા મેળવતા કોઇ રોકી ન શકે.

**સ્પીડ બ્રેકર...** વાણી અને વિચાર ઉપર માણસની પ્રગતિનો આધાર છે, જો સારૂ બોલશો તો સૌ સાથ આપશે અને સારૂ વિચારશો તો કુદરત સાથ આપશે.


Navkar Institute
Classroom Coaching & Online Video Lectures
SINCE 1997
27 YEARS OF SUCCESS IN PROFESSIONAL COACHING
CA Foundation
CA Intermediate
CA Final
All levels of CS Course
US CPA, US CMA, UK ACCA
Navkar Public School
Grade 9 to 12 - GSEB
Science & Commerce
English & Gujarati Med.
DOWNLOAD MOBILE APP
GET IT ON Google Play
NDI
079 69000000 (NI) / 63564 22000 (NPS)
www.navkarinstitute.com
HO: 1st Floor, Navkar Institute Capital 2 Building, Vijay Cross Rd, Navrangpura, Ahmedabad 380009
Navkar Public School, Gulbai Tekra Rd, opp. Vasundhara Society, Ambawadi, Ahmedabad 380015

એપોઈન્ટમેન્ટ માટે
**+૯૧ ૬૩૫૪૩ ૧૨૨૫૮**
**૦૭૯૭૯૬ ૯૬૭૬૮**

# પાર્શ્વ ઓર્થોપેડિક & બાળકોની હોસ્પિટલ



**ડૉ. સપન વોરા**
એમ.એસ. ઓર્થો, FIAS.
**કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક સર્જન સ્પોર્ટ્સ ઈન્જરી અને આર્થ્રોસ્કોપી સ્પેશિયાલિસ્ટ**

ઘૂંટણ અને ખભા તથા રમતગમતની ઈજાઓ અને આર્થ્રોસ્કોપી નિષ્ણાત

## હાડકા અને સાંધાની કોઈપણ તકલીફ માટે વિશ્વસનીય નિષ્ણાંત

- દરેક પ્રકારના જટિલ ફ્રેક્ચર અને ન જોડાયેલા હાડકાની સારવાર
- આર્થ્રોસ્કોપી સર્જરી: દૂર્બીન દ્વારા ઢીંચણના અને ખભાના સાંધાની નસ (ligament-ACL, PCL etc.) તથા ગાદી (meniscus) ના ઓપરેશન
- ઢીંચણનો સાધો બદલ્યા વગર ઢીંચણના ઘસારાની સારવાર (HTO)
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ: ઢીંચણ (TKR), થાપા (THR) અને ખભા (TSA, RSA) ના સાંધા બદલવાના ઓપરેશન
- સ્પાઈન સર્જરી: મણકા તથા ગાદીની સર્જરી, ગાદીના દુઃખાવા માટે ઈન્જેક્શન



**ડૉ. જૈની કોઠારી વોરા**
એમ. ડી. પિડીયા
(ગોલ્ડ મેડાલીસ્ટ)
**પિડીયાટ્રિક ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ**

બાળરોગ ચિકિત્સક અને નિયોનેટોલોજિસ્ટના નિષ્ણાત સલાહકાર

## બાળકોની દરેક પ્રકાર ની બીમારીઓની સારવારના નિષ્ણાંત

- નવજાત શિશુ (0 days) થી 18 વર્ષના બાળકની દરેક પ્રકારની બીમારીઓનું નિદાન અને સારવાર
- દરેક વયના બાળકો માટે આધુનિક રસીકરણ કેન્દ્ર
- ફોરેન ભણવા જતા વિદ્યાર્થીઓનું રસીકરણ
- નવજાત શિશુમાં ફિડીંગ પ્રોબ્લેમ માટે યોગ્ય માર્ગદર્શન
- ઉંમર પ્રમાણે બાળકનું વજન, હાઈટ અને વિકાસનું પરીક્ષણ અને માર્ગદર્શન
- શારીરીક રીતે નબળા જેવા કે ઓછું વજન અને ઓછી ઉંચાઈ વાળા બાળકો માટે આહાર સંબંધી તબીબી માર્ગદર્શન તથા સારવાર

## સુવિધાઓ

**24x7 તાત્કાલિક સારવાર • અદ્યતન મોડ્યુલર ઓપરેશન થિયેટર • સ્પેશ્યલ, ડીલક્ષ તથા સ્યુટ રૂમ ની સુવિધા**
**ઉત્તમ કક્ષાના ડિજિટલ એક્સ-રેની સુવિધા • 24x7 કાર્યરત મેડિકલ સ્ટોર • બ્લડ કલેક્શન કેન્દ્ર**
**તમામ મેડીક્લેમ અને પોલીસ કેસ સ્વીકાર્ય • IITV ની સુવિધા ઉપલબ્ધ**

સમાજના સભ્યો માટે **50% રાહત** દરે કન્સલટેશન અને ડિજિટલ એક્ષ-રે







**205-210, બીજો માળ, શ્રી પાર્શ્વ ઓરીયન, અદાણી સીએનજી પંપની બાજુમાં,**
**પાલડી ચાર રસ્તા, અમદાવાદ 380007. ગુજરાત**
info@parshvahospital.com | www.parshvahospital.com

www.sanghvihospital.com
sanghvihospital1991@gmail.com
Follow us on

# SANGHVI HOSPITAL

Scan for Call
Scan for WhatsApp



## ડો. રજની સંઘવી M.S., F.I.A.G.E.S.

કન્સલ્ટન્ટ સર્જન તેમજ લેપ્રોસ્કોપિક સર્જન
ભૂતપૂર્વ સર્જન તેમજ આસીસ્ટન્ટ પ્રોફેસર સિવિલ હોસ્પિટલ
બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ. M.: 98250 25241

## ડો. જાગૃતિ રજની સંઘવી M.D.

ગાયનેકોલોજીસ્ટ તથા લેપ્રોસ્કોપિક સર્જન
સ્ત્રીરોગ તથા પ્રસુતિના નિષ્ણાંત M.: 98795 25241



## સર્જીકલ, મેટરનીટી તથા લેપ્રોસ્કોપિક સર્જરી સેન્ટર

સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, પાલડી પોસ્ટ ઓફિસની પાસે, નિલકંઠ પ્લાઝાની બાજુમાં, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન નં: હો. ૦૭૯-૨૬૬૩૨૨૪૧ For Appointment: 7984219904


ગર્ભાશયની ગાંઠનું ઓપરેશન


ડાયગ્નોસ્ટીક સ્કોપી


પિત્તાશયની પથરી


સ્તનનું કેન્સર (Breast Cancer)


એપેન્ડીક્ષ


Colon (મોટું આંતરડુ)


કેન્સર

### જનરલ સર્જરીનાં ઓપરેશનો

- દૂરબીનની મદદથી (લેપ્રોસ્કોપિક સર્જરી) પિત્તાશયની પથરી, એપેન્ડીક્ષ, આંતરડાના તથા હર્નીયા (સારણગાંઠ)ના તેમજ લીવર તથા બરોળ (Spleen) નાં ઓપરેશનો.
- Obesity (મેદસ્વીતા) નાં ઓપરેશનો.

### પેટની Endoscopy ની તપાસ તેમજ સારવાર

- Upper G.I. Endoscopy, Colonoscopy તેમજ E.R.C.P.

### કેન્સર નિદાન, સારવાર તેમજ ઓપરેશનો

- સ્તનની સાદી, કેન્સરની ગાંઠ, નિદાન તેમજ ઓપરેશનો.
- થાઈરોઈડ, ગળાની ગાંઠો, તથા અન્ય ગાંઠો.

### Ano-rectal (મળમાર્ગના રોગો)

- હરસ, મસા (Piles) નાં પીડારહિત ઓપરેશનો.
- સ્ટેપલરની મદદથી (MIPH) Piles (હરસ)ની સારવાર
- ભગંદર, વાઢિયા (Fistula & Fissure) નાં ઓપરેશનો.

### યુરોલોજી વિભાગ (Endo-Urology)

- કીડની, પથરી, પ્રોસ્ટેટ તથા પેશાબના તમામ રોગો
- I.I.T.V. ની સગવડતા URS, PCNL, ની સગવડતા.
- Mobile Lithotripsy મશીનથી પથરી તોડવાની સારવાર.
- T.U.R.P.

### પ્લાસ્ટીક સર્જરીનો વિશેષ અનુભવ

- જન્મજાત ખોડખાંપણના ઓપરેશનો
- અકસ્માત તેમજ દાઝેલા દદીની સારવાર.
- કાનની બુટ સાંધવાના (Ear Repair) તેમજ કાન, નાકમાં કાણું કરવાનાં (Ear Nose Piercing) ઓપરેશન.

### ઓર્થોપેડીક વિભાગ

- હાડકાંના રોગોની સારવાર, નિષ્ણાંત ઓર્થોપેડિક સર્જન નિયમીત મળશે.

### ગાયનેક વિભાગ

- સ્ત્રીરોગોની સારવાર, પ્રસુતિ કેન્દ્ર તેમજ ઓપરેશનો જેવા કે
- ગર્ભાશયની કોથળી કાઢવાનાં ટાંકા વગરના ઓપરેશનો (V.H.)
- લેપ્રોસ્કોપિક પધ્ધતિથી તમામ ઓપરેશનો.
- લેપ્રોસ્કોપિક સર્જરીની મદદથી તમામ ઓપરેશનો જેવા કે T.L.H. (ગર્ભાશયની કોથળી કાઢવાનાં) અંડાશયની ગાંઠ, Fibroid, Ectopic Pregnancy.
- વંધ્યત્વ નિવારણ (Infertility).
- લેપ્રોસ્કોપિક, હીસ્ટરોસ્કોપી દ્વારા વંધ્યત્વ નિવારણની સારવાર.
- I.U.I. ની સગવડતા.
- I.V.F. (Test Tube Baby)સેન્ટર સાથે સંલગ્ન.
- કલર ડોપ્લર સોનોગ્રાફીની સગવડતા.
- કુટુંબ નિયોજન કેન્દ્ર, કેન્સર નિદાન તથા ઓપરેશન.
- આધુનિક A/C. લેબરરૂમ તેમજ NICU.
- Post Menopausal Clinic.
- Cancer Vaccination.
- Pap Smear.




### અન્ય સર્જનોને, ગાયનેકોલોજીસ્ટને તથા ફીઝીશીયનને દાખલ કરવા તથા ઓપરેશન કરવા માટે ઓપન હોસ્પિટલ

- AMC Approved
- B.U Permission + Fire Safety
- Inhouse ETO Machine
- Latest Video Imaging System
- આધુનિક બે ઓપરેશન થિયેટર તેમજ લેબરરૂમ.
- મેડિકલ સ્ટોરની સુવિધા.
- I.I.T.V, Multifunction Remote Controlled OT. Table.
- Hepa Air Purification System, Air Curtain, Multimedia Monitor
- Video Recording & C.C.T.V. Protected Hospital.
- Computerized Patient Records.
- Inverter Generator For Uninterrupted Power Supply.
- Remote Controlled Patient Bed in Special Room.
- Central Air Cooling System.
- Stretcher Lift. Central Oxygan, Central Suction.
- Portable O.T. Ventilator


T.L.H.


મેજર ઓપરેશન થિયેટર + I.I.T.V


લેપ્રોસ્કોપિક ઓપરેશન


Special Room


લેબર રૂમ N.I.C.U. કલર ડોપ્લર


વેઈટીંગ રૂમ

SINCE 1998

# Gujarat Pathology Laboratory & Diagnostic Center

ગુજરાત પેથોલોજી લેબોરેટરી એન્ડ ડાયગ્નોસ્ટીક સેન્ટર

આપના સાથ અને સહકારથી સફળતા નાં 27 માં વર્ષમાં મંગળ પ્રવેશ

## PALDI

101-102, Span Trade Center, Opp. Kochrab Ashram, Paldi Cross Road,
Paldi, Ahmedabad - 380 006. Ph. : 079-26586480, 26584893
Email : gujaratdiagnostic101@yahoo.in Time : 24 Hours
Visit us : www.gujaratpathlab.com

**Helpline No. : 9054002932, 97121 48978, 8866002931**

## FEVER PROFILE

CBC, ESR,
S.G.P.T.,
RAPID MALARIA,
DENGUE COMBO (Ns1,IGG,IGM),
TYPHIDOT,
URINE ROUTINE MICRO

~~Rs. 3600~~
**Rs. 1250**

## BODY PROFILE

CBC,
FBS,
LIPID PROFILE,
CREATININE,
S.G.P.T.,
TSH,
VIT B12

~~Rs. 2780~~
**Rs. 999**

બોડી પ્રોફાઇલ તથા ડાયાબિટીસ નો રિપોર્ટ કરાવનાર વ્યક્તિએ ૮ થી ૧૦ કલાક ભૂખ્યા હોવું જરૂરી છે.

ડાયાબિટીસના દર્દીએ દર 3 મહિને HBA1C નો રિપોર્ટ અવશ્ય કરાવવો જોઇએ.

નોંધ : ઘરેથી સેમ્પલ કલેકશન કરવાની સુવિધા ઉપલબ્ધ છે. * Terms & Condition apply

| PALDI | NARANPURA | BOPAL | GOTA | NEW RANIP | SABARMATI | CHANAKYAPURI |
|---|---|---|---|---|---|---|
| Ph. : 079- 26586480 26584893 Mo. 8866002931 | Ph. : 079-48482151 27472151 Mo. 9909962251 | Ph. : 02717-402403 Mob. : 8866002930 | Ph. : 079 - 48442151 Mo. 9909962278 | Mo. 9081677997 9081677998 | Ph. : 079 - 46042945 Mo. 8866002945 | Mo. 9909962291, 9909962258 |

# ARIHANT OPTICS®

Total eye care destination

★"અરીહંત ઓપ્ટિક્સ - ૧૯૯૯થી, નજરનું સાચું નઝરીયું!"★



"YOUR VISION IS OUR MISSION"

**અમે તમારી આંખોને આપીએ છે શ્રેષ્ઠ દેખાવ અને આરામ!**

અરીહંત ઓપ્ટિક્સમાં તમને મળશે આધુનિક ફ્રેમ્સ,
સ્ટાઇલિશ સનગ્લાસ, અને ઉચ્ચ ગુણવત્તાવાળા લેન્સ,
જે તમારા દેખાવને નવો લુક આપશે.

**તમારા દ્રષ્ટિની ભલામણ માટે શ્રેષ્ઠ સ્થાન, જ્યાં મોડર્ન સ્ટાઇલ મળે છે, અનોખા વર્તમાન સાથે!**

Stadium Road, Naranpura, Ahmedabad.
M.: +91 96626 87359

Ghatlodiya, Ahmedabad.
Mo.: +91 98240 77322

શૌર્ય હોસ્પિટલ®
Since 2003

## "શ્રેષ્ઠ બાળસંભાળ ... એટલે... શૌર્ય હોસ્પિટલ"



# HPV Vaccination & Cancer Prevention

**ડો. કાજલ શાહ**
નવજાત શિશુ તથા બાળકોના રોગોના નિષ્ણાત
**+91 98257 93601**

### HPVની રસી ક્યા કેન્સર સામે રક્ષણ આપે છે?

સ્ત્રીઓમાં ગર્ભાશયના મુખનું, યોનિમાર્ગનું કેન્સર તેમજ પુરુષોમાં શિષ્ન (Penis) અને સ્ત્રીઓ - પુરુષો બન્નેમાં મળમાર્ગ, મોંઢા, ગળાના કન્સર સામે રક્ષણ આપે છે.

### HPVની રસી કોણ લઈ શકે?

સ્ત્રીઓ - 9 થી 44 વર્ષ,
પુરુષો - 9 થી 26 વર્ષ

### HMPV (Human metapneumovirus)

આ એક સામાન્ય વાયરસ છે. જેમાં શરદી, ખાંસી, ગળામાં દુઃખાવો જેવા લક્ષણો થાય છે. આ વાયરસ છેલ્લા 60 વર્ષથી છે. Covid જેવી ગંભીર અસરો થવાની શક્યતાઓ ખૂબ ઓછી છે. પાંચ વર્ષથી નીચેના બાળકો અને 65 વર્ષથી વધારે ઉંમરના વડીલોને ન્યુમોનિયા, શ્વાસમાં તકલીફ થવાની શક્યતા રહેલી છે.

SHAURYA® HOSPITAL
SINCE 2003

## Center of excellence for Hip fractures

### થાપાના બોલ અને બોલની નીચેના હાડકાના ફ્રેક્ચરના સ્પેશિયાલિસ્ટ



**ડો. જીગર શાહ**
સિનિયર ઓર્થો. &
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
**+91 98253 34765**

**21થી વધુ વર્ષનો અનુભવ**

**20 હજારથી**

**વધુ સર્જરીનો અનુભવ**









- તમામ ફ્રેક્ચરની મીનીમલી ઈન્વેસિવ પદ્ધતિથી લેટેસ્ટ કોમ્પ્યુટર ટેકનોલોજી (IITV) દ્વારા ઓપરેશન
- થાપાના ફ્રેક્ચરના વર્લ્ડ વાઈડ સૌથી નાના ચેકા (<2cm) દ્વારા ઓપરેશનના સ્પેશિયાલીસ્ટ. (Modified Ender's Nailing)
- સાંધાના કોમ્પલેક્ષ ફ્રેક્ચર (Intra articular Fracture) અને હાડકુંનાં સંધાયેલું હોય તેવા ફ્રેક્ચરના નિષ્ણાત (Non Union)



**શૌર્ય હોસ્પિટલ, શિવાલીક 5, ઈન્દોર ચાટની ઉપર, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, +91 98251 47300**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | સમાજના આગામી કાર્યક્રમોની વિગત | ૦૮ |
| ૨. | તંત્રીની કલમે | ૦૯ |
| ૩. | પ્રમુખસ્થાનેથી | ૧૦ |
| ૪. | સમાજ સમાચાર | ૧૧ |
| ૫. | જન્મદિવસની હાર્દિક શુભેચ્છા | ૧૪ |
| ૬. | સુનહરી શામ સમાજ કે નામ-૩ કાર્યક્રમનો અહેવાલ | ૧૫ |
| ૭. | લગ્નદિવસની હાર્દિક શુભેચ્છા | ૩૩ |
| ૮. | ZPL Womens Box Cricket Tournament-2 નો અહેવાલ | ૩૮ |
| ૯. | ZPL-9 ની ઓપનીંગ સેરેમનીનો અહેવાલ | ૩૯ |
| ૧૦. | આપણે બદલાઈએ તો દુનિયા પણ બદલાશે, આચાર વિચાર | ૪૦ |
| ૧૧. | ચોરી | ૪૧ |
| ૧૨. | જેની દિકરી સુખી એનો બાપ સુખી, જેની દિકરી દુખી એનો બાપ દુખી | ૪૨ |



### સંપાદક મંડળ

શ્રીમતી પ્રીતિ એન. શાહ - તંત્રી
ડૉ. નિલેશભાઈ પી. સંઘવી
શ્રી ચેતન આર. શાહ - સહતંત્રી
શ્રી ઉમેશભાઈ એન. દોશી

### મુદ્રક અને પ્રકાશક

શ્રી ચેતન આર. શાહ
શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

### તંત્રી

શ્રીમતી પ્રીતિ એન. શાહ

### મુદ્રણ સ્થાન

જય ઓફસેટ (ગુજરાત) પ્રા. લી.
૧૫, પંચરત્ન ઇન્ડ. એસ્ટેટ, સરખેજ બાવળા હાઈવે,
ચાંગોદર, અમદાવાદ-૩૮૨૨૧૩.

### માલિક

શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

### પ્રકાશન સ્થળ

"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ-૯. ફોન : ૦૭૯-૪૯૩૮ ૮૭૮૮ મો. : ૮૨૩૮૦ ૫૫૫૭૫
E-mail : info@szvsjainsamaj.org • Web Site : www.szvsjainsamaj.org



આ માસિક પત્રિકામાં પ્રસિદ્ધ થતાં લેખોમાં દર્શાવેલ વિચારો તથા મંતવ્યો લેખકના પોતાના અને અંગત છે. તે અંગેની સમાજની કે સમાજના હોદ્દેદારોની કોઇ જવાબદારી રહેતી નથી.



### વાર્ષિક લવાજમ

અન્યને માટે રૂ. ૪૦૦/- • છૂટક ૧ નકલની કિંમત રૂ. ૪૦-૦૦



જેની જીભમાં અમી તેને દુનિયા નમી.
શાહ જયસુખલાલ ધોળાભાઈ (પાળીયાદવાળા)

**ગુજરાત મશીનરી કાું.**

મુમતાજ મહલ બિલ્ડિંગ, પેટ્રોલ પંપ સામે,
ઝકરીયા મસ્જિદ, રિલીફ રોડ, અમદાવાદ.
ડિસ્ટ્રિબ્યુટર્સ : HONDA જનસેટ એન્ડ પંપ સેટ
કન્સ્ટ્રકશન મશીનરી એન્ડ સ્પેર્સ
ફોન : ૨૨૧૬૯૬૪૨, ૨૨૧૭૦૯૫૪
જયસુખભાઈ ડી. શાહ મો.૯૩૨૭૧૭૫૬૦૦
ધવલ જે. શાહ - મો. : ૯૮૨૪૦૩૭૩૨૦
નેહલ જે. શાહ - મો. : ૯૮૨૫૧ ૭૫૬૦૦

આપણું "મૃત્યુ" નિશ્ચિત છે, પણ સમય નક્કી નથી.
LIC
આપણા સહારે જીવન જીવનારને
આપણી ગેરહાજરીમાં પણ સહારો આપીએ
સુરક્ષાના પગલે પગલે......
લાઇફ ઇન્સ્યુરન્સના તેમજ જનરલ
ICICI ઇન્સ્યુરન્સના કોઈ પણ કામકાજ માટે
• મ્યુચ્યુઅલ ફંડના વિક્રેતા
નીપા પી. ગાંધી : તૃષ્ણા એચ. ગાંધી
જી-૪૧, હરિઓમ પાર્ક સોસાયટી, જય અંબે નગર રોડ,
ધોરા સોસાયટી સામે, થલતેજ, અમદાવાદ - ૩૮૦ ૦૫૪
(રહે.) ૨૬૮૫૨૪૮૫ મો. : ૯૪૨૮૨૯૨૦૮૨
E-mail : hjgandhi@redifmail.com

ભૂપેન્દ્ર વી. શાહ ફોન : ૨૫૩૫૫૯૭૧,૨૫૩૩૦૮૬૬
મો. : ૯૮૭૯૧ ૫૭૪૭૨
૯૭૧૪૧ ૩૫૯૪૦
Maruti
જયશ્રી બાલા હનુમાન સ્ટોર્સ

**શ્રી મારુતિ હનુમાન સ્ટોર્સ**

SHREE MARUTI HANUMAN STORES
Mfg. Wholeseller in :
નોટબુક, ફૂલસ્કેપ, પરીક્ષા પેપર,
એકાઉન્ટ બુક, લેમિનેશન બ્રાઉન પેપર
મહાવીર સ્વામી જૈન મંદિર પાસે, પતાસા પોળનો
ઢાળ, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.




પોતાના એક પણ દૂષણ વિશે માણસ સભાન
ન હોય તે મોટામાં મોટું દૂષણ છે.

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા આયોજિત
## ૧૪મી સ્વૈચ્છિક રક્તદાન શિબિર

સમાજ તરફથી છેલ્લાં તેર વર્ષથી રક્તદાન શિબિરનું સફળતાપૂર્વક આયોજન થઇ રહેલ છે. આ વર્ષે તા. ૨૬મી જાન્યુઆરી,૨૦૨૫ રવિવારે રક્તદાન શિબિર યોજવામાં આવેલ છે જેમાં સમાજના દરેક સભ્યોને શિબિર સફળ બનાવવા નમ્ર અપીલ છે.

શિબિર અંગેની વિગતવાર માહિતી નીચે મુજબ છે. દરેક રક્તદાતાના આ ઉમદા કાર્યની યાદગીરીરુપે એક પ્રતિક ભેટ સમાજ તરફથી આપવામાં આવશે. આ વર્ષે પણ આપણે આપણા જ સમાજના સભ્ય અને અમદાવાદમાં સાત વિસ્તારમાં NABL સર્ટીફિકેટ સાથે અધતન લેબોરેટરીઓ ધરાવતા ડો. નીરજભાઇ કોઠારી દ્વારા તેમની સંજીવની બ્લડ બેન્ક એન્ડ (વોલેન્ટરી) એફરેસીસ સેન્ટર સાથે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરેલ છે. આપણા સમાજના કોઇપણ સભ્યને જ્યારે પણ બ્લડની જરુર પડે ત્યારે તેમની બ્લડ બેન્ક તરફથી ફ્રી (Free) માં બ્લડ મળી શકશે. (ટેસ્ટીંગનો રુટીન ચાર્જ આપવાનો રહેશે.)

**તા. ૨૬-૦૧-૨૦૨૫, રવિવાર (ZPL-9 ફાઇનલ મેચના દિવસે)**
**સમય : સવારે ૮-૩૦ થી બપોરે ૧-૦૦ કલાક સુધી**
**સ્થળ : AES સ્પોર્ટસ કોમ્પલેક્ષ, યુનિવર્સિટી રોડ, નવરંગપુરા, અમદાવાદ.**

### : આર્થિક સૌજન્ય :

**માતુશ્રી કેવળીબેન ચંદુલાલ અબજીભાઇ શાહ (ટુવાવાળા)ના સ્મરણાર્થે..**
**હ.. સુશીલાબેન અશ્વિનભાઇ શાહ**

---

### : નવકારશી સૌજન્ય :

**ડો. નીરજભાઇ એ. કોઠારી**
**(સંજીવની બ્લડ બેન્ક એન્ડ વોલેન્ટરી એફરેસીસ સેન્ટર)**
**(નવકારશી સમય : સવારે ૮-૩૦ થી ૧૨-૦૦ કલાક)**

---

### વધુ માહિતી માટે સંપર્ક કરો.

| અજય એન. દોશી | ચૈતન્યભાઇ એસ. સંઘવી | નીરજભાઇ એ. શાહ |
|---|---|---|
| મો. ૯૩૨૭૦ ૭૮૭૭૮ | મો. ૯૪૨૮૩ ૫૦૪૩૬ | મો. ૯૪૨૬૫ ૪૩૪૮૯ |

**જે પણ રક્તદાતા રક્તદાન કરવા માંગતા હોય તો સમાજની ઓફિસે ફોન નં. ૦૭૯-૪૯૩૮ ૮૭૮૮ તથા મોબાઇલ નં.૮૨૩૮૦ ૫૫૫૭૫ ઉપર રજિસ્ટ્રેશન કરાવવા વિનંતી.**

## સાધર્મિક કુટુંબ દત્તક યોજના હેઠળ આર્થિક યોગદાન બદલ - આભારદર્શન

સાધર્મિક પરિવારોના ઉત્કર્ષ માટે તેમજ તેમને જીવન-જરુરિયાતની વસ્તુઓ, સુવિધાઓ વધુ મળી શકે તે માટે સમાજે સાધર્મિક કુટુંબ દત્તક યોજના મૂકેલ છે અને સમાજના દાતાશ્રીઓને ૧ (એક) સાધર્મિક પરિવારને એક વર્ષ માટે દત્તક લેવાના રુ. ૨૧,૦૦૦/- પ્રમાણે આર્થિક યોગદાન આપવા માટે અપીલ કરી હતી.

અમોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણા સમાજના ઉદારદિલ દાતાઓએ આ યોજનાને અત્યંત સુંદર પ્રતિસાદ આપ્યો છે અને અમારા ઉત્સાહ અને હિંમતમાં ઘણી વૃધ્ધિ કરી છે. આ અંગેની માહિતી અગાઉના અંકમાં આપેલ ત્યારબાદ આવેલ દાતાશ્રીઓની યાદી નીચે મુજબ છે.

| નં. | દાતાનું નામ | દત્તક કુટુંબ |
|---|---|---|
| ૧. | શ્રીમતી નલીનીબેન રમેશચંદ્ર દોશી (વિરમગામવાળા) ની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે..<br>હ. શ્રી રમેશભાઇ નાનચંદભાઇ દોશી | ૧ |


શાળા એ તો નિરાંતનું સ્થાન છે, જ્યાં શિક્ષક અને વિદ્યાર્થી બંને શીખવા ભેગા થાય છે.

# તંત્રીની કલમે

- પ્રીતિ એન. શાહ

ભગવાન ઇશુનું નવું વર્ષ ૨૦૨૫ શરુ થઇ ગયું છે. આપણાં સામાન્ય વહેવારો અંગ્રેજી કેલેન્ડર સાથે જ આપણે કરીએ છીએ માટે એને અવગણી શકાય નહીં. ઘણાં લોકોનો મેસેજ હોય છે ક્રીસમસ ટ્રી ઘરે ન લગાવો અને તુલસી ઉપર ડેકોરેશન કરો. આપણા માટે હિંદુ સંસ્કૃતિમાં તુલસી વિવાહ જેવા પ્રસંગો છે. ખ્રિસ્તી ધર્મના નવા વર્ષનું સેલીબ્રેશન ન કરવુ એનો વિરોધ આપણી સંસ્કૃતિ નથી. ધર્મ ક્યારેય બદી ન હોઇ શકે પણ દરેક ધર્મમાં અનુયાયીઓ દ્વારા ધાર્મિક ઝનુન,લોભ, ચડસાચડસી દ્વારા બદીઓ ઘુસી શકે છે. સહુને ૨૦૨૫ નું નવું વર્ષ શુભ નિવડે અને ભગવાન ઇશુની કરુણા સહુ પર વરસે એવી અભ્યર્થના..

૩૦ ડિસેમ્બરે જેમની પુણ્યતિથી ગઇ એ આપણા અમદાવાદના રત્ન સમાન ડો. વિક્રમ સારાભાઇની વાતથી નવા વર્ષની શરુઆત કરીએ.

અમદાવાદના એક જાણીતા ધનાઢ્ય ઉધોગપતિ પરિવાર ઉનાળાની ગરમીથી બચવા સિમલામાં પોતાના મકાનમાં રહેવા જતા અને ત્યાંથી જ એમના વ્યપાર-ઉધોગનો કારોબાર ચલાવવા જરુરી સ્ટાફને પણ સાથે લઇને જતા. એકવાર આખું કુટુંબ દોઢેક મહિના માટે સિમલા ગયેલું. ધંધાના કામકાજ અંગે રોજ એમને ઢગલાબંધ ટપાલ આવતી. કુટુંબના પ્રત્યેક સભ્ય પોતાની ટપાલ વીણી લઇ, પરબીડિયા ખોલી અને વાંચતા. કુટુંબનો એક નાનો છોકરો આ બધું જોતો. એના એકલાના નામની જ કોઇ ટપાલ આવતી નહીં. એક દિવસ એણે એના પિતાના સેક્રેટરીને કહ્યુ, “મને મારું નામ અને સરનામું લખેલાં, ટપાલ ટીકીટ ચોંટાડેલા થોડાં પરબિડીયા તૈયાર કરી આપો.” સેક્રેટરીઓએ કરી આપ્યા પછી એ છોકરો રોજ પોતે જ પોતાને પત્ર લખી, પરબિડીયામાં નાખી, નજીકના પોસ્ટ બોક્ષમાં નાખી આવતો. બધાની ટપાલ સાથે એની પણ ટપાલ આવવા લાગી. બધાની જેમ એ પણ પરબિડિયું ખોલી પોતાની ટપાલ વાંચતો. એના પિતાએ બે-ત્રણ દિવસ આ જોયું, પછી એક દિવસ પૂછ્યું “તને રોજ ટપાલ કોણ લખે છે?” બાળકે હકીકત સમજાવી તો એના પિતા હસી પડયા.

એ બાળક એટલે આપણા મહાન ગુજરાતી અવકાશ વિજ્ઞાની ડો. વિક્રમ સારાભાઇ..

વિક્રમભાઇનું શિક્ષણ બ્રિટિશ શિક્ષણવિદો દ્વારા ઘરમાં જ થયેલું. એમના ઘરમાં ઉધોગપતિઓની સાથે ટાગોર, જે. કૃષ્ણમૂર્તિ, મોતીલાલ નહેરુ, જવાહરલાલ નહેરુ, મૌલાના આઝાદ, સરોજિની નાયડુ, સી.વી. રામન જેવા અનેક મહાન વ્યક્તિઓની આવન-જાવન રહેતી. કિશોરવયથી એમને મશીનોમાં રસ. એમણે કિશોરવસ્થામાં બનાવેલ ટ્રેક સાથેની આગગાડી આજે પણ અમદાવાદ સ્થિત કોમ્યુનીટી સાયન્સ સેન્ટરમાં જોવા મળે છે.

ઇ.સ. ૧૯૩૯ માં ૨૦ વર્ષની વયે કેમ્બ્રીજ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થઇ પોસ્ટ ગ્રેજ્યુએશનમાં જોડાયા પણ બીજુ વિશ્વયુધ્ધ શરુ થતા ભારત પરત ફર્યા. બેંગ્લોરની વિશ્વ વિખ્યાત ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સમાં ભારતના મહાન વૈજ્ઞાનિક ડો. સી. વી. રામનના માર્ગદર્શન હેઠળ કામ કરવાનું શરુ કર્યું. ઇ.સ. ૧૯૪૭ માં યુ. કે. ની કેમ્બ્રિજ યુનિ.માંથી "Cosmic Ray Investigations in Tropical Latitudes" વિષય પર શોધ રિસર્ચ કરી પીએચ.ડી.ની ડીગ્રી મેળવી.

સૌ પ્રથમ અમદાવાદમાં ફિઝીકલ રીસર્ચ લેબોરેટરીની સ્થાપના કરી જે સંસ્થા આજે પણ સ્પેસ એન્ડ એપ્લાઇડ સાયન્સ માટે પ્રતિષ્ઠિત છે અને ભારતે અનેક વૈજ્ઞાનિક ત્યાંથી મેળવ્યા છે. ATIRA નામની સંસ્થાની સ્થાપના ઉધોગપતિ કસ્તુરભાઇ લાલભાઇ સાથે ફેમીલી બિઝનેસ ને વધારવા કરી. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ ખ્યાતિ પામનાર IIM જેવી શિક્ષણ સંસ્થાને શરુ કરવામાં સ્થાપક સભ્ય તરીકે તેઓનો મહત્વનો ફાળો છે. એમના નેતૃત્વ હેઠળ ઇન્ડિયન સ્પેસ રીસર્ચ સેન્ટરની સ્થાપના થઇ હતી. ઉપગ્રહોની મદદથી ટીવીનું પ્રસારણ કરવાની પહેલ નો શ્રેય પણ ડો. વિક્રમ સારાભાઇને જાય છે.

ઇસરોની સ્થાપના ભારતના પ્રથમ રોકેટ લોન્ચીંગ કેન્દ્રની થીરુવનંતપુરમ પાસે સ્થાપના, ભારતીય ઉપગ્રહ આર્યભટ્ટને રશિયાના કોસ્મોડ્રોનથી પૃથ્વીની બહારની કક્ષામાં મુકવો. નાસા સાથે મળીને સેટેલાઇટ-ઇન્સ્ટ્રકશન ટેલિવીઝન એક્સપરિમેન્ટ ની સ્થાપના વગેરે અનેક મહત્વના કાર્યો કરીને તેઓ “અવકાશ યુગના પિતા” કહેવાયા.

ઇસરોની સ્થાપના પછી ડો. અબ્દુલ કલામનો ઇન્ટરવ્યુ લઇને પોતાની ટીમમાં સામેલ કર્યા હતા. તેઓને પદ્મભૂષણ, પદ્મવિભૂષણ એવોર્ડ ભારત સરકાર દ્વારા એનાયત થયો છે. ૧૯૭૩ માં ચંદ્ર પર પડેલા “બેસલ એ” નામના ક્રેટરને તેઓની યાદમાં “સારાભાઇ ક્રેટર” નામ આપવામાં આવ્યું.

૩૦ ડિસેમ્બર, ૧૯૭૧ ના રોજ માત્ર ૫૨ વર્ષની વયે તેઓનું અવસાન થયું. ખ્યાતનામ કલાસિકલ ડાન્સર શ્રીમતી મૃણાલિની સારાભાઇ તેઓના પત્ની હતા.

પોસ્ટ વિભાગ દ્વારા ડો. વિક્રમ સારાભાઇની પુણ્યતિથિ (૩૦ ડિસેમ્બર, ૧૯૭૨) પર ટપાલ ડીકીટ જારી કરવામાં આવી.

આપણા અમદાવાદના આવી એક મહાન વિભૂતિને એમની પુણ્યતિથિએ સ્મરણ કરીને પાવન થઇએ.

નીચેની પંક્તિઓ સાથે લેખનું સમાપન કરીએ.

मंजिल उन्ही को मिलती है, जिनके सपनो में जान होती है ।
सिर्फ पंखो से कुछ नहीं होता, हौंसलो में उडान होती है ।

M. : 8141199064 priti_narendra@yahoo.co.in



બે માણસો વચ્ચેનું ઓછામાં ઓછું અંતર એટલે હાસ્ય

# પ્રમુખસ્થાનેથી

ડૉ. નિલેશ પ્રવિણચંદ્ર સંઘવી

## બદલાતો સમય અને બદલાતો સમાજ

સમાજ અંગે વારંવાર લખવાનું મન એટલે થાય છે કે વર્તમાન સમયમાં અગત્યના નૈતિક મૂલ્યોમાં પરિવર્તન ઝડપથી થતાં જાય છે ને સાહજિકતાથી એની દૂરગામી આડ અસરોને સ્વીકારતા થતાં જઇએ છીએ. તેમજ લોકોની યાદશક્તિ ઓછી થઇ ગઇ છે એથી જયારે સમાજના હ્રદયપટલ પર પ્રશ્નો આવે ત્યારે જ વિચારવાનું ને તે પછી ભૂલી જઇ બીજા અર્થોપાજન તરફ જ ધ્યાન મહદઅંશે રહેતું દેખાય છે. સમાજના સભ્યોની સમાજ પ્રત્યેની દૃષ્ટિ, ફરજ ને અધિકાર તે પર કોઇ ગંભીર ચિંતન થતું દેખાતુ નથી ને સમાજના કાર્યોમાં પણ ગુણવત્તા ઓછી થતી જાય છે. ખૂબ જ નજીકના ભૂતકાળમાં ન્યાયની દેવીની મૂર્તિ બદલવામાં આવી જેમાં આંખો પરથી પટ્ટી હટાવાઇ ને હાથમાં તલવારની જગ્યાએ બંધારણ મુકવામાં આવ્યું, જે બધા સહજતાથી ભૂલી ગયા. સમાજ અને ન્યાય એ બંન્ને જોડાયેલા છે ને વળી એના મૂલ્યોની વાત કરવી જે આજના સમયમાં અપ્રાંસગિક થતી જાય છે તેવા સમયમાં ચિંતન કરવું પણ અપ્રાસંગિક હોવા છતાં એની હિંમત કરીને લખુ છું કેમ કે પરિવર્તનોના વહેણમાં સમાજ સામે તેના અસ્તિત્વ સામે પડકારો ઉભા થયા છે.

સમાજનું અસ્તિત્વ સહિષ્ણુતા, સમભાવ, ઉદારતા ને સંવેદના થી રહે છે ને તેને લાગણીઓના પોષણની સતત જરુર રહે છે. પરંતુ વર્તમાન કહેવાતા વિકાસમાં આ તમામ વર્તુળો સંકોચાતા જણાય રહ્યા છે તેથી પરિવર્તન અનિવાર્ય હોવા છતાં તે નવા પડકારો સમાજ માટે ઉભા કરે છે. જો સમાજ જાગૃત ન હોય, ચિંતનશીલ ના હોય ને તેના નિવારવા પ્રયત્નો ન કરે તો સમાજની અહેમીયત સ્વકેન્દ્રીતામાં રાચતા લોકોને રહેશે નહિ. ભૌતિકતામાં જ સુખના પરિણામો શોધતા ને બાહ્ય ઝાકમઝોળના કોલાહોલ વચ્ચે રહેનારા જયારે એકલતાની ચીસ પડે છે ત્યારે જ સમાજની અગત્યતા સમજે છે. સમાજના લોકોમાં ચિંતન, સંવેદનશીલતા, લાગણી ને ઉદારતાને ટકાવી હોય તો તેમને પુસ્તકો વાંચતા કરવા પડે,કળા અને સંગીતમાં રસ કેળવતા થાય તેવા પ્રયત્નો કરવા પડે. આપણો સમાજ આ દિશામાં સતત જાગૃત છે ને તે માટે વિવિધ કાર્યક્રમો નિયમિત કરતો રહે છે. સવાલ છે મોટી સંખ્યામાં લાભ લેતા કરવાનો.

કૌટુંમ્બિક ક્ષેત્રની વાત કરીએ તો જેમ કુટુંમ્બનું કદ નાનુ થતુ ગયુ તેમ વ્યક્તિગત વર્તુળ વિસ્તરતું ગયુ. ૩ કે ૪ જણાના નાના કુટુમ્બમાં પણ તાલમેલ જાળવવો મુશ્કેલ બનતો ગયો છે. સ્વહિત ને સ્વલક્ષી સુખોના આગ્રહ, વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારને પ્રાથમિકતા ને વ્યક્તિની પ્રાઇવેસીને મહત્વનું ગણવાથી કુટુંમ્બ ભાવના ગૌણ બનતી જાય છે. કુટુંમ્બના સભ્યો એકબીજાના અંતરમનમાં જે પહેલા ડોકિયુ કરી શકતા હતા ને વિપરીત સંજોગો પારખીને એકબીજાની પડખે ઉભા રહેતા હતા કે એકબીજાની ઇચ્છા સમજી આનંદીત રહેતા હતા તેને વ્યક્તિગત ગોપનીયતા પર આક્રમણ તરીકે જોવામાં આવે છે. નાના બાળકને પણ તેનું વિશ્વ અલગ છે તેમ અલાયદો રુમ પણ ફાળવી દેવાય છે પણ હકીકતમાં નાનું બાળક નાનપણથી જ અજાણતા અલગ વિચારધારા તરફ પગ માંડતો થઇ ગયો છે જે ભવિષ્યમાં પડકાર બની જતો હોય છે. એકલતામાં ઉછરેલો બાળક એકલપટો બનીને સંસારની ભીડમાંય એકલતા જ અનુભવશે ને પ્રેમ કે હૂંફની જન્મજાત ઝંખના ના સંતોષાતા ક્યારેક માનસિક રોગોનો શિકાર કે આડે રસ્તે જઇ શકે છે.

કુટુંમ્બ જેના થકી સર્જાય છે તેવી લગ્નસંસ્થા સામે હાલ મોટો પડકાર ઉભો થયો છે. આધુનિક પેઢી પોતાને મનગમતુ પાત્ર શોધવાથી લઇને લગ્નજીવન ટકાવી રાખવું કઠીન થતુ જાય છે. કયારેક એવુ લાગે છે કે માતા-પિતા કે સમાજનો રોલ જ યુવાનોએ ખતમ કરી નાંખ્યો છે. એક સમયે માતા-પિતા, કુટુંમ્બ કે સમાજના વડીલો જ લગ્ન નક્કી કરી નાંખતા ને તમામ લગ્નો સારી રીતે ટકે તેવી સામાજિક વ્યવસ્થા ઉભી કરેલ તે સિધ્ધાંત સમયના પરિવર્તન સાથે સમૂળગો નષ્ટ થઇ ગયો છે ને નવા કોઇ સિધ્ધાંત સામે પ્રસ્થાપિત સમાજ કરી શકેલ નથી તેથી લગ્નસંસ્થા સામે અતિ ગંભીર પ્રશ્નો ઉભા થયા છે તે માટે અગાથ પ્રયત્નો નવેસરથી કરવા પડશે. લગ્ન એ દેહ કરતાંયે વિચારો ને ભાવનાનું ઐક્ય માંગે છે તે તમામ લગ્નોત્સુક યુવાનોને સમજાવવું એ માટે અથાગ પ્રયત્ન કરવા પડશે. વળી લગ્નના પ્રસંગોએ થતી ઝાકમઝોળ, નાણાંનો વ્યય ને જૈન સિધ્ધાંતોના સમૂળગા નાશ એ ખરેખર ચિંતાનો વિષય છે. માણસ પાસે લાગણી ને હૂંફની નિજી દોલતની કંગાલિયત આ તમામ પડકારોના માટે જવાબદાર છે.

બદલાતા સમયમાં સમાજના શિક્ષણનું પ્રમાણ વધ્યું છે પરંતુ કેળવણી ઘટતી જાય છે.વણ ખેડાયેલા ક્ષેત્રોમાં યુવાનોનું પદાર્પણ થયુ છે. તમામ ક્ષેત્રોમાં શિક્ષણ વિસ્તરતું જાય છે પરંતુ તેમાં સાથે સ્વાર્થ વધુ ને પરમાર્થ ઓછો થતો જાય છે. આવકના સ્ત્રોતો બદલાતા જાય છે ને સાથે આર્થિક અસમાનતાની ખાઇ પણ વધતી જાય છે. સમયના અભાવમાં સગા સબંધીઓ સાથેના વ્યક્તિગત સંપર્કો તૂટતા જાય છે ને સોશ્યલ મીડીયા થકી નવા સમાજના સાથે સંપર્કો વધતા જાય છે. તેમ છતાં આલિશાન આવાસમાં એકલવાયા જીવન જીવતાં માણસને કયારેક ટાંચા સાધનો, લાગણી ને આત્મીયતા ભર્યો ભૂતકાળ યાદ કરીને પ્રસન્ન બની જતો હોય છે. ઉચ્ચ શિક્ષણ લેવા માટેની વિદેશ તરફની દોડ પણ વધી છે ને તેના કારણે નાના કુટુંમ્બોમાં નવા પડકારો ઉભા થયા છે ને વધુ થશે. શિક્ષણ માનવીય મૂલ્યો, નૈતિકતાને પ્રામણિકતા થકી શ્રેષ્ઠ માણસનું નિર્માણ કરવાની જગ્યાએ પૈસા કમાવવાનું મશીન તૈયાર કરવા ધંધો કરતો હોય તે જણાઇ રહ્યું છે ને આજ આજના સમયનો સૌથી મોટો પડકાર છે.

બદલતો સમય ધાર્મિક ક્ષેત્રને પણ પ્રભાવિત કરી રહ્યો છે. ધર્મપાલન વ્યક્તિ અને સમાજ બંને માટે જરુરી છે. ધર્મ બહારથી વિસ્તરેલો જણાય છે ને તેને અલગ અલગ સ્વરુપમાં પીરસવામાં આવે છે. પરંતુ જો ધાર્મિકતા વધી હોય તો વ્યક્તિમાં નૈતિક મૂલ્યો, નીતિમત્તા અને પ્રમાણિકતા વધે. પરંતુ નીતિમત્તા ને પ્રામાણિકતા આટ આટલા ઉપાશ્રયો, શિબિરો, પારાયણો, ઓનલાઇન વ્યાખ્યાનો ને ધાર્મિક પુસ્તકો હોવા છતાં ઓછા થતાં જાય છે. તે તમામ સ્વીકારે પણ છે, પરંતુ વ્યક્તિગત ધોરણે કોઇ વ્યવહારમાં પોતાના સ્વાર્થ કે અર્થોપાજન માટે નીતિમત્તા કે પ્રામાણિકતાને સ્થાન આપતા નથી. ધર્મનું જ્ઞાન વધ્યું પણ આચરણ ઘટયું. ધર્મને આગળ કરીને ઘણીવાર અધર્મનું આચરણ કરવામાં પણ વ્યવહારિકતા સમજનારને સમયની થપાટ પડે ત્યારે જ સમજાતું હોય છે ને ત્યારે ઘણું મોડુ થઇ ચુકયુ હોય છે.

બદલાયેલ સમયે સમાજને સાધનસંપન્ન ને અર્થ સંપન તો બનાવ્યો છે પણ તે મેળવવા જતાં એવું ને એટલુ ગુમાવ્યુ છે કે તે અંગે આજે ચિંતન મનન કરવું જ પડશે ને શક્ય હોય તેટલા પ્રયત્નો તો આદરવા જ રહ્યા.

**YOU CAN'T CHANGE WHAT'S GOING ON AROUND YOU UNLESS YOU CHANGE WHAT'S GOING ON WITH YOU**



બીજાની ભૂલ માફ કરવી સહેલી છે પરંતુ આપણી ભૂલ કાઢનારાઓને માફ કરવા મુશ્કેલ છે.

# સમાજ સમાચાર

## તા. ૦૧-૧૨-૨૦૨૪ થી તા. ૩૧-૧૨-૨૦૨૪ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| | એક સદગૃહસ્થ તરફથી (માનવ રાહત ફંડ ખાતે) ૮૪૩ થી ૮૪૭,૮૫૭ થી ૮૬૧,૮૬૮ થી ૮૭૨ ૮૮૭ થી ૮૯૧,૮૯૯ થી ૯૦૩ | ૬૦,૦૦૦/- |
| ૯૨૫ થી ૯૩૨ | "માતૃશ્રી જ્યોત્સનાબેન છબીલદાસ હકાણી હ.શ્વેતાબેન ભાવેશભાઈ હકાણી (ધોલેરાવાળા)તથા માતૃશ્રી ભદ્રાબેન જસવંતભાઈ સંઘવી હ.ફોરમબેન અપૂર્વભાઈ સંઘવી (ધોલેરાવાળા) - સુનહરી શામ સમાજ કે નામ - ૩ - મેઇન સ્પોન્સર્સ (એક્ટિવિટી ફંડ ખાતે ) | ૫૧,૦૦૦/- |
| ૮૧૨ | "ડી.ડી.એન્ટરપ્રાઇઝ - જય આર. સંઘવી, પાર્થ વી. દોશી - ZPL -9 (૨૦૨૫) ક્રિકેટ ટુર્નામેન્ટ 'એટલાસ કપ' - JP બ્લ્યૂ વહેલ્સ ટીમની ઓનરશિપ પેટે (એક્ટિવિટી ફંડ ખાતે) | ૪૦,૦૦૦/- |
| ૯૧૨ | શ્રી વૈશવભાઈ ભાવેશભાઈ શાહ - શ્રી જીગરભાઈ કિરીટભાઈ શાહ - ZPL -9 (૨૦૨૫) ક્રિકેટ ટુર્નામેન્ટ 'એટલાસ કપ'- ગર્વ ગ્રે પેન્થર્સ ટીમની ઓનરશિપ પેટે (એક્ટિવિટી ફંડ ખાતે) | ૪૦,૦૦૦/- |
| ૮૨૭ થી ૮૨૯ | શ્રી બાબુલાલ વાડીલાલ શાહ (વાડી વિહાર) ના સ્મર્ણાથે હ.પરેશભાઈ બાબુલાલ શાહ, બીનાબેન પરેશભાઈ શાહ,દિશાબેન અપૂર્વભાઈ શાહ, - સાધર્મિક કુટુંબ દત્તક યોજના -૧ કુટુંબ -વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૮૭૯ | શ્રીમતી ઉષાબેન બિપીનભાઈ સંઘવી -સ્વ. બિપીનભાઈ પ્રાણલાલ સંઘવી હ.ઉષાબેન બિપીનભાઈ સંઘવી પરિવાર સાધર્મિક કુટુંબ દત્તક યોજના -૧ કુટુંબ -વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૮૯૨ થી ૮૯૪ | શ્રી રમેશચંદ્ર નાનચંદભાઈ દોશી, શ્રી પારસભાઈ રમેશચંદ્ર દોશી, શ્રી ઋષભભાઈ રમેશચંદ્ર દોશી..શ્રીમતી નલીનીબેન રમેશભાઈ દોશી (વિરમગામ વાળા) ના સ્મર્ણાથે (પાંચમી પુણ્યતિથિ નિમિતે) સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૮૯૫ અને ૮૯૬ | શ્રી ધવલ યોગેશભાઈ સંઘવી - ZPL - 9 (2025) ક્રિકેટ ટુર્નામેન્ટ 'એટલાસ કપ' - પુજારા બ્લેક હોર્સીસ ટીમની ઓનરશિપ પેટે(એક્ટિવિટી ફંડ ખાતે) | ૨૦,૦૦૦/- |
| ૮૯૭ અને ૮૯૮ | શ્રી ધ્વનિલ યોગેશભાઈ સંઘવી - ZPL - 9 (2025) ક્રિકેટ ટુર્નામેન્ટ 'એટલાસ કપ' પુજારા બ્લેક હોર્સીસ ટીમની ઓનરશિપ (એક્ટિવિટી ફંડ ખાતે) | ૨૦,૦૦૦/- |
| ૮૬૨ અને ૮૬૩ | શ્રીમતી નયનાબેન નરેન્દ્રભાઈ દોશી - શ્રી અર્પિતભાઈ નરેન્દ્રભાઈ દોશી -સાધર્મિક ૧૮ બહેનોને આર્થિક સહાય - ડિસેમ્બર -૨૦૨૪ (માનવરાહત ફંડ ખાતે) | ૧૮,૦૦૦/- |
| ૮૧૪ અને ૮૧૫ | માતૃશ્રી વસુમતીબેન હસમુખલાલ શાહ (નાથાભવાન) ના સ્મરણાથે. હ.શ્રુતિબેન સમીરભાઈ શાહ ,રેખાબેન ચેતનભાઈ શાહ સાધર્મિક દિવાળી વિતરણ-વર્ષ ૨૦૨૪ - મેંદો,સોજી,ચણો નો લોટ, લાપસી ફાડા,મકાઈ પૌઆ (માનવરાહત ફંડ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૯૧૯ | શ્રી વિનોદભાઈ હિંમતલાલ હકાણી-સુનહરી શામ સમાજ કે નામ -૩ - "સાઉન્ડ પાર્ટનર" (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૮૧૬ | જયંતીલાલ લાલચંદ શાહ -શ્રીમતી સુશીલાબેન જયંતીલાલ શાહ -જૂથ ૪ ધો.૧૦ ના (કાયમી પારિતોષિક/ઇનામ) માં ખૂટતી રકમમાં વધારો (શૈક્ષણિક સહાય ખાતે) | ૧૨,૫૦૦/- |
| ૮૬૬ | સ્વ.ઈન્દિરાબેન પ્રફુલ્લચંદ સખીદાસ હ.પ્રફુલ્લભાઇ સખીદાસ હ.સ્નેહલભાઈ આશિતભાઇ જૂથ - ૬ - એન્જીનીયરીંગ (કાયમી પારિતોષિક/ઇનામ) માં ખૂટતી રકમમાં વધારો (શૈક્ષણિક સહાય ખાતે) | ૧૧,૫૦૦/- |
| ૮૩૦ | શ્રી દિલિપભાઇ જયંતિલાલ સંઘવી ..જયંતીલાલ ત્રિકમલાલ સંઘવી-જૂથ-૨-વિજ્ઞાન પ્રવાહ,જૂથ-3 સામાન્ય પ્રવાહ ના (કાયમી પારિતોષક /ઇનામ) માં ખૂટતી રકમમાં વધારો (શૈક્ષણિક સહાય ખાતે) | ૧૦,૦૦૦/- |
| ૮૩૪ | શેઠ ભાઈલાલભાઈ મગનલાલ (ગઢડાવાળા)પરિવાર -એજ્યુકેશન નોટબૂક ના આજીવન શુભેચ્છકની રકમમાં વધારો (શૈક્ષણિક સહાય ખાતે) | ૧૦,૦૦૦/- |
| ૮૭૭ | શ્રી બિપીનભાઈ અને શ્રી હર્ષદભાઈ -શાહ પ્રેમચંદભાઈ કુંવરજીભાઇ શાહ હ. શ્રી બિપીનભાઈ, શ્રી હર્ષદભાઈ -એજ્યુકેશન નોટબુક માં આજીવન શુભેચ્છકની રકમમાં વધારો - (શૈક્ષણિક સહાય ખાતે) | ૧૦,૦૦૦/- |
| ૯૧૩ | એટલાસ કલર્સ પ્રાઇવેટ લિમિટેડ - શ્રી ભાવેશભાઇ કાંતિલાલ શાહ - સુનહરી શામ સમાજ કે નામ - ૩ પાસ પાર્ટનર સ્પોન્સરશીપ પેટે - (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧૦,૦૦૦/- |
| ૯૩૯ | શ્રીમતી શેફાલીબેન જીગ્નેશભાઈ કોઠારી - ZPL વુમેન્સ બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨ -વિનર ટીમ કેશ પ્રાઇઝ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧૦,૦૦૦/- |



ક્રોધ ઉપર પ્રેમથી, પાપ ઉપર પુણ્યથી, લોભ ઉપર દાનથી,
અસત્ય ઉપર સત્યથી જીત મેળવો. - ગૌતમ બુદ્ધ

# સમાજ સમાચાર

## તા. ૦૧-૧૨-૨૦૨૪ થી તા. ૩૧-૧૨-૨૦૨૪ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૯૩૭ | શ્રી ડીપેનભાઈ રમેશભાઈ શાહ (વાડીવિહાર વાળા), શ્રી હાર્દિકભાઈ એ.વસાણી ZPL -9 (2025) ક્રિકેટ ટુર્નામેન્ટ 'એટલાસ કપ' બેસ્ટ બોલર તથા બેસ્ટ બેટસમેન ઓફ ધ ટુર્નામેન્ટના સ્પોન્સર્સ (એક્ટિવિટી ફંડ ખાતે) | ૮,૦૦૦/- |
| ૮૧૦ | શ્રી ગીરીશભાઈ રતિલાલ દોશી (પાળીયાદવાળા)-૭૧ માં જન્મદિવસની ખુશાલી માં (તબીબી યોજના ફંડ ખાતે) | ૭,૧૦૦/- |
| ૮૧૫ | રંજનબેન મુગટલાલ દોશી હ.ભારતીબેન નીતિનભાઈ દોશી -સાધર્મિક દિવાળી વિતરણ ૨૦૨૪-દિવાળી મીઠાઈમાં આપેલ ડોનેશનમાં વ્યાજની આવક તથા ખર્ચના ડિફરેન્સ પેટે (કાજુ કતરી) (માનવરાહત ફંડ ખાતે ) | ૬,૦૦૦/- |
| ૯૩૪ | શ્રી પરાગભાઈ ચંપકલાલ ગાંધી, શ્રી રીતેશભાઈ ચંપકલાલ ગાંધી - ZPL -9 (2025) ક્રિકેટ ટુર્નામેન્ટ'એટલાસ કપ' મેન ઓફ ધ સીરિઝના દાતા (એક્ટિવિટી ફંડ ખાતે) | ૬,૦૦૦/- |
| ૮૧૮ | શ્રી પ્રતિકભાઈ અશોકભાઈ શાહ - ZPL - 9 (2025) ક્રિકેટ ટુર્નામેન્ટ'એટલાસ કપ' રિફ્રેશમેન્ટ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૫,૦૦૦/- |
| ૮૨૩ | શ્રી નીખિલભાઈ સૂર્યકાંતભાઈ સંઘવી સુપુત્રી ચિ.નિકિતા કૃણાલ ગાંધીની મેરેજ એનિવર્સરી તથા જન્મદિવસ નિમિતે (માનવરાહત ફંડ ખાતે,સમાજ વિકાસ ફંડ ખાતે) | ૫,૦૦૦/- |
| ૮૮૩ | શ્રી અશ્વિનભાઈ ચંદુલાલ શાહ, શ્રી હેમંતભાઈ ચંદુલાલ શાહ સ્વ. મૃદુલાબેન સુરેશચંદ્ર શાહના સ્મણાર્થે - (માનવરાહત ફંડ ખાતે ) | ૫,૦૦૦/- |
| ૯૪૦ | શ્રીમતી શેફાલીબેન જીગ્નેશભાઈ કોઠારી- ZPL વુમેન્સ બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨ - રનર્સઅપ ટીમ કેશપ્રાઈઝ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૫,૦૦૦/- |
| ૯૪૩ | સ્વ. મધુકાન્તાબેન ચંદુલાલ સંઘવી હ.મીનાક્ષીબેન અતુલભાઈ સંઘવી - ZPL -9 (2025) ક્રિકેટ ટુર્નામેન્ટ 'એટલાસ કપ' - રિફ્રેશમેન્ટ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૫,૦૦૦/- |
| ૯૦૭ | શ્રીમતી જાગૃતિબેન સંદીપભાઈ સંઘવી - ZPL વુમેન્સ બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨ વ્હાઇટ ટાઇગર્સ ટિમની ઓનરશિપ પેટે (એક્ટિવિટી ફંડ ખાતે) | ૩,૦૦૦/- |
| ૯૨૦ | શ્રીમતી વિપલબેન પારસભાઈ દોશી - ZPL વુમેન્સ બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨ - રેડ બુલ્સ ટિમની ઓનરશિપ પેટે (એક્ટિવિટી ફંડ ખાતે) | ૩,૦૦૦/- |
| ૮૧૭ | શ્રીમતી કાનન દર્શિતભાઈ વોરા - ZPL વુમેન્સ બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨ - રિફ્રેશમેન્ટ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે ) | ૨,૫૦૦/- |
| ૮૨૫ | શ્રી કેયુરભાઈ વિરેન્દ્રભાઈ શાહ - સુનહરી શામ સમાજ કે નામ -૩ એડવટાઇઝમેન્ટ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૨,૫૦૦/- |
| ૮૭૪ | શ્રી રિકિલ આર.શાહ - સુનહરી શામ સમાજ કે નામ -૩ એડવટાઇઝમેન્ટ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૨,૫૦૦/- |
| ૮૭૮ | શ્રી બિપીનભાઈ શાહ -સ્વ.મનહરલાલ પ્રેમચંદ શાહ (સર્વોદય વાળા) હ.બિપીનભાઈ -જૂથ-૯-ઈતર પ્રવુતિ (કાયમી પારિતોષક / ઇનામ) ની રકમમાં વધારો (શૈક્ષણિક સહાય ખાતે) | ૨,૫૦૦/- |
| ૮૮૦ | સંઘવી એન્ડ સન્સ - સુનહરી શામ સમાજ કે નામ -૩ એડવટાઇઝમેન્ટ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૨,૫૦૦/- |
| ૯૦૭ | સમાંતર સેલ્સ એન્ડ સર્વિસ પ્રા.વી.- સુનહરી શામ સમાજ કે નામ -૩ એડવટાઇઝમેન્ટ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૨,૫૦૦/- |
| ૯૧૪ | જય આદેશ્વર -હર્ષ કેવંતભાઈ શાહ - સુનહરી શામ સમાજ કે નામ -૩ એડવટાઇઝમેન્ટ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૨,૫૦૦/- |
| ૭૩૩ | શ્રી દર્શક પ્રવિણચંદ્ર શાહ- ZPL વુમેન્સ બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨ - -રિફ્રેશમેન્ટ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે ) | ૨,૫૦૦/- |
| ૯૩૫ | શ્રીમતી કૃપાલીબેન કૃણાલભાઈ શાહ - ZPL વુમેન્સ બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨ - રિફ્રેશમેન્ટ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે ) | ૨,૫૦૦/- |
| ૮૮૪ | શ્રી વિમેશભાઈ નગીનદાસ શાહ ના સુપુત્ર ચિ.પૂજન નું સગપણ મુ.વડોદરા હા.વડોદરાના શ્રી ગૌતમભાઈ કાન્તિલાલ શાહની સુપુત્રી ચિ.ક્રિશ્ના સાથે કર્યુ તે શુભ પ્રસંગે તા.૧૫-૧૨-૨૦૨૪ (સગપણ લાગા,શૈક્ષણિક સહાય ખાતે) | ૨,૦૦૨/- |
| ૮૮૫ | શ્રી ગૌતમભાઈ કાન્તિલાલ શાહની સુપુત્રી ચિ.ક્રિશ્નાનું સગપણ મુ.બોટાદ (દેવધરી) હા.અમદાવાદના શ્રી વિમેશભાઈ નગીનદાસ શાહ ના સુપુત્ર ચિ.પૂજન સાથે કર્યુ તે શુભ પ્રસંગે તા.૧૫-૧૨-૨૦૨૪ (સગપણ લાગા,શૈક્ષણિક સહાય ખાતે) | ૨,૦૦૨/- |
| ૮૩૧ | શ્રી શૈલેષભાઇ ચંદુલાલ શાહ સુપુત્ર ચિ.ઉદિતનું સગપણ મુ.બરવાળા હા.અમદાવાદ ના શ્રી ચેતનભાઈ વિનુભાઈ ગાંધી સુપુત્રી ચિ.દેવાંશી સાથે કર્યુ તે શુભ પ્રસંગે તા.૭-૧૨-૨૦૨૪ (સગપણ લાગો, માનવરાહત ફંડ,શૈક્ષણિક સહાય ખાતે) | ૧,૭૫૩/- |
| ૮૩૨ | શ્રી ચેતનભાઈ વિનુભાઈ ગાંધી સુપુત્રી ચિ.દેવાંશીનું સગપણ મુ.પાળીયાદ હાલ .અમદાવાદ શ્રી શૈલેષભાઇ ચંદુલાલ શાહ સુપુત્ર ચિ.ઉદિત સાથે કર્યુ તે શુભ પ્રસંગે તા.૭-૧૨-૨૦૨૪(સગપણ લાગો,માનવરાહત ફંડ,શૈક્ષણિક સહાય ખાતે) | ૧,૭૫૩/- |

# સમાજ સમાચાર

## તા. ૦૧-૧૨-૨૦૨૪ થી તા. ૩૧-૧૨-૨૦૨૪ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૮૭૫ | શ્રીમતી સાધનાબેન કીર્તિભાઇ જમનાદાસ જગજીવનદાસ દોશી સુપુત્ર ચિ.ધ્રુમિલ સગપણ મુ.ખેડા હાલ.અમદાવાદના શ્રીમતી પારૂલબેન શ્રેણિકભાઈ શાહ સુપુત્રી ચિ.જીનલ સાથે કર્યું તે શુભ પ્રસંગે તા.૧૨-૧૨-૨૦૨૪ (સગપણ લાગો,માનવરાહત ફંડ,શૈક્ષણિક સહાય ખાતે) | ૧,૫૦૧/- |
| ૮૭૬ | શ્રીમતી પારૂલબેન શ્રેણિકભાઈ શાહ સુપુત્રી ચિ.જીનલનું સગપણ મુ.ખારવા હાલ અમદાવાદના શ્રીમતી સાધનાબેન કીર્તિભાઇ જમનાદાસ જગજીવનદાસ દોશી સુપુત્ર ચિ.ધ્રુમિલ સાથે કર્યું તે શુભ પ્રસંગે તા.૧૨-૧૨-૨૦૨૪(સગપણ લાગો,માનવરાહત ફંડ,શૈક્ષણિક સહાય ખાતે) | ૧,૫૦૧/- |
| ૮૧૧ | શ્રી કલ્પેશભાઈ નૈમેન્દ્રભાઈ શાહ -સુનહરી શામ સમાજ કે નામ-૩ ના શુભેચ્છ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧,૫૦૦/- |
| ૮૧૯ | શ્રી આશિષભાઇ જસવંતભાઈ સંઘવી - સુનહરી શામ સમાજ કે નામ-૩ ના શુભેચ્છ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧,૫૦૦/- |
| ૮૨૦ | શ્રી ભાવિનભાઈ નીરવભાઈ દોશી - સુનહરી શામ સમાજ કે નામ-૩ ના શુભેચ્છ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧,૫૦૦/- |
| ૮૨૧ | શ્રીમતી પૂર્વીબેન યોગેશભાઈ વોરા - સુનહરી શામ સમાજ કે નામ-૩ ના શુભેચ્છ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧,૫૦૦/- |
| ૮૨૨ | શ્રી બિરેનભાઈ શરદચંદ્ર ગોપાણી -સુનહરી શામ સમાજ કે નામ-૩ ના શુભેચ્છ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧,૫૦૦/- |
| ૮૨૪ | શ્રીમતી પિંક્રીબેન પ્રતિકભાઈ શાહ - સુનહરી શામ સમાજ કે નામ-૩ ના શુભેચ્છ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧,૫૦૦/- |
| ૮૬૪ | શ્વેતાબેન અતુલભાઈ શેઠ -સુનહરી શામ સમાજ કે નામ-૩ ના શુભેચ્છ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧,૫૦૦/- |
| ૮૮૧ | અંજનાબેન રમેશકુમાર શાહ - સુનહરી શામ સમાજ કે નામ-૩ ના શુભેચ્છ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧,૫૦૦/- |
| ૮૮૨ | શ્રીમતી ઉષાબેન બિપીનભાઈ સંઘવી - સ્વ.મૃદુલાબેન સુરેશભાઈ શાહના સ્મરણાથે (માનવરાહત ફંડ ખાતે) | ૧,૫૦૦/- |
| ૯૦૪ | શ્રીમતી નિમિષાબેન હિતેનભાઈ સંઘવી - સુનહરી શામ સમાજ કે નામ-૩ ના શુભેચ્છ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧,૫૦૦/- |
| ૯૦૫ | શ્રી મનીષભાઇ કલ્યાણભાઈ શાહ -સુનહરી શામ સમાજ કે નામ-૩ ના શુભેચ્છ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧,૫૦૦/- |
| ૯૨૨ | શ્રી દર્શકભાઇ કે.સંઘવી- સુનહરી શામ સમાજ કે નામ-૩ ના શુભેચ્છ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧,૫૦૦/- |

## તા. ૦૧-૧૨-૨૦૨૪ થી તા. ૩૧-૧૨-૨૦૨૪ સુધી દાન સિવાયની પહોંચની વિગત

| વિગત | પહોંચ નંબર |
|---|---|
| સમાજ આરસી બાયોડેટા | ૮૬૭,૯૨૩,૯૧૫,૯૨૪,૮૭૩ |
| સમાજ આરસી શ્રદ્ધાંજલી | ૮૨૬, ૮૩૩, ૮૮૬ |
| સમાજ આરસી લવાજમ | ૯૧૫,૯૩૬ |
| સમાજ આરસી જાહેરાત | ૮૪૮,૮૪૯ |
| લોન | ૮૫૫ |
| અન્ય | ૮૦૯,૮૩૫,૮૩૬,૮૩૭,૮૩૮,૮૩૯,૮૪૦,૮૪૧,૮૪૨,૮૫૦,૮૫૧,૮૫૨,૮૫૩,૮૫૪,૮૫૬,૮૬૫,૯૦૬,૯૦૯,૯૧૦,૯૧૧,૯૧૬,૯૧૭,૯૧૮,૯૨૧,૯૩૮,૯૪૧,૯૪૨,૯૪૪,૯૪૫,૯૪૬ |

## સાધર્મિક લાભાર્થી સભ્યોના હેલ્થ ચેક-અપ

સમાજના સાધર્મિક સહાય લેતા સભ્યોને કેમ વધુ ને વધુ સહાયરુપ બનાય તે માટે સતત પ્રયત્નો સમાજ દ્વારા થઇ રહ્યા છે. તેઓનું આરોગ્ય વધુ સુધરે અને તે અંગે માર્ગદર્શન મળે તે માટે સમાજે તેમનો નિઃશુલ્ક (Free Of Charge) હેલ્થ ચેક અપ કરાવવાનું નક્કી કર્યું હતું. આ અન્વયે ડિસેમ્બર-૨૦૨૪ ના બીજા અઠવાડિયામાં લાયન્સ ભરત ક્ષત્રિય કોમ્યુનિટિ ઓન્કોલોજી સેન્ટર ધી ગુજરાત કેન્સર સોસાયટી દ્વારા સંચાલિત સંસ્થામાં સાધર્મિક લાભાર્થી પરિવારના સભ્ય કે જેઓની ઉંમર ૫૦ વર્ષ કે તેથી વધુ હોય તેઓનો હેલ્થ ચેકઅપ કરાવવા માટેની સંમતિ લઇ હેલ્થ ચેકઅપ અંતર્ગત ટેસ્ટ કરવામાં આવ્યા હતા. સંસ્થા દ્વારા સમાજને ટેસ્ટના દરમાં રાહત આપવામાં આવી હતી. X-Ray, E.G.G., સોનોગ્રાફી, મેમોગ્રાફી, પેપ ટેસ્ટ સહિત કુલ ૨૫થી વધુ ટેસ્ટ કરીને તેના રીપોર્ટસ સમાજને આપવામાં આવ્યા હતા. કુલ ૨૮ સભ્યોએ તેનો લાભ લીધો હતો અને ટેસ્ટ કરાવ્યા હતા.

સમાજના પ્રમુખશ્રી ડો. નિલેશભાઇ સંઘવીએ આ રીપોર્ટસ ચકાસી, જરુરી નોંધ કરી આ ટેસ્ટ કરાવેલ બધા સભ્યોને સમાજની ઓફિસે બોલાવી અંગત રસ લઇ માર્ગદર્શન આપ્યું હતું અને જરુરી લાગે તેવા કેસમાં વધુ ચેક-અપની ભલામણ કરી હતી. તેમણે આ સભ્યોને જીવનશૈલીમાં બદલાવ, સુધાર થઇ શકે તે માટે માર્ગદર્શન આપ્યું હતું અને સરળ પ્રાણાયામ શીખવાડી તેમને પ્રોત્સાહિત કર્યા હતા

# ફેબ્રુઆરી માસમાં આવતા જન્મદિનની શુભેચ્છાઓ

**૧ ફેબ્રુઆરી**
શ્રીમતી મનીષાબેન સંજયભાઈ શાહ
શ્રી સુરેશભાઈ વાડીલાલ ગાંધી
શ્રી ભાવેશભાઈ હિંમતલાલ શાહ

**૨ ફેબ્રુઆરી**
શ્રી ઋષભભાઈ શૈલેષભાઇ શાહ
શ્રી જિગ્નેશભાઈ જીનદાસ દોશી
શ્રી નિશાંતભાઈ ભુપેન્દ્રભાઈ સંઘવી
શ્રી જસવંતભાઈ બચુભાઈ દોશી

**૩ ફેબ્રુઆરી**
શ્રીમતી ઉલ્લાસબેન દિલીપભાઈ સંઘવી
શ્રી યોગેનભાઈ સુર્યકાંતભાઈ દોશી

**૪ ફેબ્રુઆરી**
શ્રી મહાસુખલાલ છોટાલાલ દોશી
શ્રી રૂચિતભાઈ સુરેશભાઈ વેજાણી
શ્રી મયુરભાઈ ભરતભાઈ શાહ
શ્રી જૈનમભાઈ જયેશભાઇ શાહ
શ્રી ધવલભાઈ નરેન્દ્રભાઈ દોશી

**૫ ફેબ્રુઆરી**
શ્રી પંકજભાઈ સવાઇલાલ ગોપાણી
શ્રી ધવલભાઈ જયકાંતભાઇ સંઘવી

**૬ ફેબ્રુઆરી**
શ્રી શાશ્વતભાઈ અશ્વિનભાઈ સલોત
શ્રી કલ્પેશભાઈ હરગોવિંદદાસ ગાંધી
શ્રી રસિકભાઈ ધનજીભાઈ ગાંધી
શ્રી સૌરભભાઈ ત્રંબકલાલ વોરા
શ્રી વિરલભાઈ રસિકલાલ શાહ

શ્રી સૂર્યકાંતભાઈ રતિલાલ ગાંધી
શ્રી સૌરભભાઈ મહેશભાઈ વોરા

શ્રી ભદ્રેશભાઈ નગીનદાસ દોશી
શ્રી સુમિતભાઈ બિપીનચંદ્ર સંઘવી
શ્રી તુષારભાઈ વિનયચંદ્ર વોરા

**૯ ફેબ્રુઆરી**
શ્રી અમિતભાઇ નવિનચંદ્ર દોશી
શ્રી હિતેશભાઈ કિરીટભાઈ શાહ

**૧૦ ફેબ્રુઆરી**
શ્રી અમિતભાઇ નરેન્દ્રભાઈ સંઘવી
શ્રી પવનભાઈ ત્રિલોકભાઈ સંઘવી
શ્રી ગીરીશભાઈ બાબુભાઇ શાહ
શ્રી જીગ્નેશભાઈ નવિનચંદ્ર દોશી

**૧૧ ફેબ્રુઆરી**
શ્રી અરવિંદભાઈ અમૃતલાલ હકાણી
શ્રી કલ્પેશભાઈ વિનોદરાય સંઘવી
શ્રી બિપીનચંદ્ર જગજીવનદાસ શાહ
શ્રી હિતેશભાઈ ગુણવંતરાય વોરા
શ્રી પરેશભાઈ ધારશીભાઈ દોશી
શ્રી ભરતભાઈ સોહનલાલ ગાંધી

**૧૨ ફેબ્રુઆરી**
શ્રી હેમંતભાઈ રસિકલાલ સંઘવી

**૧૩ ફેબ્રુઆરી**
શ્રી ભાવેશભાઈ સુર્યકાંતભાઈ દોશી
શ્રી કીર્તિભાઇ વાડીલાલ સલોત
શ્રી વિનયભાઈ જમનાદાસ સંઘવી
શ્રી કિશોરભાઈ રતિલાલ દોશી
શ્રી કીર્તિભાઇ ધીરજલાલ ગાંધી

**૧૪ ફેબ્રુઆરી**
શ્રી કેયુરભાઈ ભરતભાઈ શાહ
શ્રી રાજેશભાઈ દિલખુશભાઈ દોશી
શ્રી કનકભાઈ સુમતલાલ શાહ
શ્રી નીખિલભાઈ રતિલાલ ગાંધી
શ્રી મહેશભાઈ મનહરલાલ શાહ

**૧૫ ફેબ્રુઆરી**
શ્રી મનોજભાઈ નગીનદાસ ગોપાણી
શ્રી રશ્મિનભાઈ વ્રજલાલ ગાંધી
શ્રી સુરેશચંદ્ર રતિલાલ શાહ
શ્રી સતિષભાઈ ધીરજલાલ શાહ

**૧૬ ફેબ્રુઆરી**
શ્રી મિલનભાઈ અનિલભાઈ શાહ
શ્રી જતીનભાઈ અભયભાઈ શાહ
શ્રી નરેશભાઈ જમનાદાસ સંઘવી

**૧૭ ફેબ્રુઆરી**
શ્રી પરેશભાઈ રમણલાલ શાહ
શ્રી સૂર્યકાંતભાઇ ત્રિભોવનદાસ સંઘવી
શ્રી સૌરભભાઈ બિપીનચંદ્ર શાહ
શ્રી ભાવેશભાઈ જસવંતલાલ સંઘવી
શ્રી અશોકભાઈ સવાઇલાલ વસાણી
શ્રી બિપીનચંદ્ર ધીરજલાલ શાહ

**૧૮ ફેબ્રુઆરી**
શ્રી પ્રવિણચંદ્ર છબીલદાસ સખીદાસ

**૧૯ ફેબ્રુઆરી**
શ્રી પંકજભાઈ ઉગરચંદભાઈ શાહ
શ્રી સમીરભાઈ મહેન્દ્રભાઈ સંઘવી
શ્રી વિપુલભાઈ હસમુખલાલ શાહ

**૨૦ ફેબ્રુઆરી**
શ્રી અમીચંદભાઈ વ્રજલાલ શાહ
શ્રી પ્રતિકભાઈ કિરણભાઈ સંઘવી
શ્રી નિમિષભાઇ ચંદ્રકાન્તભાઈ શાહ

**૨૧ ફેબ્રુઆરી**
શ્રીમતી ગીતાબેન મુકેશભાઈ દોશી
શ્રી કલ્પેશભાઈ જયંતીલાલ દોશી

**૨૨ ફેબ્રુઆરી**
શ્રી હિરેનભાઈ જયસુખલાલ ગાંધી
શ્રી નવિનચંદ્ર જગજીવનદાસ દોશી
શ્રી નિલેશભાઈ અનોપચંદ સંઘવી
શ્રી નરેશભાઈ શાંતિલાલ શાહ
શ્રી વિજયભાઈ હસમુખલાલ ગાંધી
શ્રી હિતેશભાઈ બટુકલાલ સંઘવી
ડો. પરિમલભાઇ ડી. ગાંધી
શ્રીમતી દીનાબેન પિયુષભાઇ શાહ

શ્રી ચિંતનભાઈ કમલેશભાઈ શાહ
શ્રીમતી રુચીબેન ચિંતનભાઈ શાહ

શ્રી જયેશભાઇ મનહરલાલ ગાંધી
શ્રીમતી સ્વીટીબેન જયેશભાઇ ગાંધી

## ૨૫ ફેબ્રુઆરી

શ્રી જીગીશભાઈ નરોત્તમદાસ સંઘવી
શ્રીમતી ભાવિનીબેન જીગીશભાઈ સંઘવી

શ્રી પ્રમુખભાઈ મનસુખભાઇ શાહ
શ્રીમતી શર્મિષ્ઠાબેન પ્રમુખભાઈ શાહ

શ્રી રાજેન્દ્રભાઇ ધીરજલાલ સંઘવી
શ્રીમતી દીનાબેન રાજેન્દ્રભાઇ સંઘવી

શ્રી વિનયચંદ્ર હરગોવિંદદાસ સલોત
શ્રીમતી જ્યોતિબેન વિનયચંદ્ર સલોત

શ્રી નરેન્દ્રભાઈ હરગોવિંદભાઈ બારભાયા
શ્રીમતી ઉર્મિલાબેન નરેન્દ્રભાઈ બારભાયા

શ્રી ભાવેશભાઈ ધીરજલાલ ગાંધી
શ્રીમતી પંક્તિાબેન ભાવેશભાઈ ગાંધી

શ્રી પ્રશાંતભાઈ જયંતભાઈ શાહ
શ્રીમતી રીમાબેન પ્રશાંતભાઈ શાહ

## ૨૬ ફેબ્રુઆરી

શ્રી છબીલદાસ જયંતીલાલ શાહ
શ્રીમતી અલકાબેન છબીલદાસ શાહ

શ્રી જતીનભાઈ શાંતિલાલ શાહ
શ્રીમતી અલકાબેન જતીનભાઈ શાહ

શ્રી પવનભાઈ ત્રિલોકચંદ્ર સંઘવી
શ્રીમતી રૂપાબેન પવનભાઈ સંઘવી

## ૨૭ ફેબ્રુઆરી

ડો. અશ્વિનભાઈ ભાઈલાલભાઈ શેઠ
શ્રીમતી વનીતાબેન અશ્વિનભાઈ શેઠ

શ્રી મિલેશભાઈ પ્રવિણચંદ્ર શાહ
શ્રીમતી હિનાબેન મિલેશભાઈ શાહ

વૈભવ અને એશ, આરામના ઢગલા કરો,
પરંતુ તંદુરસ્તી તે કરતાં ચઢી જાય છે.

## ફેબ્રુઆરી માસમાં આવતા લગ્નદિવસની શુભેચ્છાઓ

શ્રી પરેશભાઈ મહેન્દ્રભાઈ સંઘવી
શ્રીમતી બીનાબેન પરેશભાઈ સંઘવી

શ્રી કનકભાઈ સુમંતલાલ શાહ
શ્રીમતી રશ્મિકાબેન કનકભાઈ શાહ

શ્રી મહેન્દ્રભાઈ અમીચંદભાઈ શાહ
શ્રીમતી મીનાબેન મહેન્દ્રભાઈ શાહ

શ્રી કમલેશભાઈ રસિકલાલ શાહ
શ્રીમતી રૂપલબેન કમલેશભાઈ શાહ

શ્રી હેમાંગભાઈ નગીનદાસ બારભાયા
શ્રીમતી પૂજાબેન હેમાંગભાઈ બારભાયા

**૨૮ ફેબ્રુઆરી**

શ્રી હસમુખભાઈ મનસુખલાલ વસાણી
શ્રીમતી બીનાબેન હસમુખભાઈ વસાણી

શ્રી જયેશભાઇ જીવણલાલ શાહ
શ્રીમતી ચંદનબેન જયેશભાઇ શાહ

શ્રી ડીપેનભાઈ રમેશચંદ્ર શાહ
શ્રીમતી કુશાંગીબેન ડીપેનભાઈ શાહ

શ્રી લલિતભાઈ ચીમનલાલ દોશી
શ્રીમતી રેણુકાબેન લલિતભાઈ દોશી

શ્રી વિનોદભાઈ અમૃતલાલ ધોળકિયા
શ્રીમતી જયોતિબેન વિનોદભાઈ ધોળકિયા

શ્રી બિપીનભાઈ કાંતિલાલ સંઘવી
શ્રીમતી મૃદુલાબેન બિપીનભાઈ સંઘવી

શ્રી સંજયભાઈ કલ્યાણભાઈ શાહ
શ્રીમતી દિવ્યાબેન સંજયભાઈ શાહ

શ્રી જીતેન્દ્રભાઈ હસમુખભાઈ સંઘવી
શ્રીમતી અક્ષિતાબેન જીતેન્દ્રભાઈ સંઘવી

શ્રી નિક્ષેપભાઈ નિલેશભાઈ દોશી
શ્રીમતી તૃપ્તિબેન નિક્ષેપભાઈ દોશી

શ્રી સ્તવનભાઈ અશોકભાઈ દોશી
શ્રીમતી સેજલબેન સ્તવનભાઈ દોશી

## અભિનંદન

શ્રી ચિરાગભાઈ ગિરિશચંદ્ર શાહને સમાજની કમિટિમાં કો-ઓપ્ટ કરવામાં આવ્યા છે. સમાજ વતી તેઓને ખુબ ખુબ અભિનંદન અને તેઓને સુંદર કામગીરી માટે શુભેચ્છાઓ.

## અભિનંદન

કુ. ચાંદની સંજયભાઈ સખીદાસ Institute of Advance Research, Gandhinagar દ્વારા લેવાયેલ M.Sc. (Biotechnology) માં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયા છે અને ગુજરાતના રાજ્યપાલશ્રીના હસ્તે સુવર્ણચંદ્રક મેળવેલ છે. કુ. ચાંદનીને સમાજવતી ખુબ ખુબ અભિનંદન અને તે ઉત્તરોત્તર પ્રગતિ કરે અને પરિવારનું તથા સમાજનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ.

## શ્રદ્ધાંજલિ

૧) મૂ. ગઢડા, હાલ અમદાવા સ્વ. ડૉ. ભાઈલાલભાઈ મગનલાલ શેઠના સુપુત્ર સ્વ. વિજયભાઈ ભાઈલાલભાઈ શેઠના ધર્મપત્ની તથા નિરવભાઈ, અંકિતભાઈ, હેતલનાં માતુશ્રી જાગૃતિબેન વિજયભાઈ શેઠ તા. ૧૦-૧૨-૨૦૨૪ના રોજ અરિહંતશરણ થયેલ છે.

૨) મૂ. વઢવાણ, હાલ અમદાવાદ નિરવભાઈ, મિત્તલબેનના પિતાશ્રી જીતેન્દ્રભાઈ ન્યાલચંદ શાહ તા. ૩૦-૧૨-૨૦૨૪ ના રોજ અરિહંતશરણ થયેલ છે.

**સમાજ તેઓના દુઃખદ અવસાનથી દુઃખની લાગણી અનુભવે છે. પ્રભુ તેઓના આત્માને શાંતિ અર્પે..**

જેની જીભમાં અમી તેને દુનિયા નમી
Remesh K. Doshi M. 98796 36628
Jinesh Doshi M. 8460186847
HIRA OPTICS
Verai Pada Pole, Gandhi Road, Ahmedabad.
રોશની ચશ્મા ઘર
તુલસીશ્યામ ફ્લેટ સામે, ભીમજીપુરા, નવા વાડજ
નરેન્દ્ર કે. દોશી M. : 8000360616

SHAH ESTATE CONSULTANT
RERA REGISTERED
Jayesh Shah
+91 99740 89640
+91 98250 13076
JITO (Member) A.E.B.A. (Member) GREAC (Member)
Residential & Commercial Property
Rent | Sale | Lease, Home Loan Advisor
M-13/76, Rupal Park, Opp. Patrakar Colony, Vijaynagar, Naranpura, Ahmedabad - 380013
jayeshshah1376@gmail.com

જીતેન્દ્ર આર. શાહ તથા
વર્ષા જીતેન્દ્ર શાહ
લાઈફ ઇન્સ્યોરન્સ કન્સલ્ટન્ટ/એજન્ટ
૪૪ વર્ષથી લાઈફ ઇન્સ્યુરન્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાના એજન્ટ તેમજ ચેરમેન કલબ મેમ્બર
રહેઠાણ : સી/૯૦૧, શ્રીજી ટાવર્સ, ઇન્દ્રપ્રસ્થ ટાવર્સ સામે, ડ્રાઇવ-ઇન રોડ, ગુરુકુળ, અમદાવાદ-૩૮૦ ૦૫૨
એલ.આઈ.સી.ની તમામ જાતની સેવા માટે કોન્ટેક્ટ (મો.) ૯૮૨૫૦ ૧૧૨૩૨
"મૃત્યુ થવાનું છે તે માટે જિંદગીનો વીમો લેવાતો નથી,
પણ પાછળ કોઇ જીવિત રહેવાનું છે, તે માટે જ જીવન વીમો જરૂરી છે.



રૂપિયાથી સુખ મળી જાય છે, રૂપિયાથી બધું ટળી જાય છે, તે એક વહેમ છે.

# ગુરુકૃપા ફાઉન્ડેશન - જીવદયા વાર્ષિકોત્સવ ૨૦૨૪



સંસ્થાનો આઠમા વર્ષમાં મંગલપ્રવેશ નિમિત્તે તા. ૨૯-૧૨-૨૦૨૪ના રોજ દિનેશ હોલમાં ૭૦૦ જીવદયાપ્રેમીઓની હાજરીમાં જીવદયા વાર્ષિકોત્સવ ઉજવાયો. કાર્યક્રમનું ઉદ્દઘાટન જ્યોતિબેન રાજેન્દ્રભાઈ સંઘવી પરિવાર, રાજેશભાઈ આઈ. શાહ (ધોળકાવાળા) પરિવાર, નલીનીબેન અશોકકુમાર દોશી પરિવાર દ્વારા કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત અસ્મિતાબેન શાહ તથા માનવ શાહ દ્વારા નવકારમંત્ર અને સ્તવનના ગાનથી થઈ. ત્યારબાદ સમ્યજ્ઞાન શાળા નવરંગપુરા, મેમનગર, એલિસબ્રીજ દ્વારા ત્રણેય સમ્યજ્ઞાન શાળાના બાળકોએ સુંદર નાટિકાઓ દ્વારા હૃદયસ્પર્શી મેસેજ આપી સૌને ભાવવિભોર કર્યા. ત્રણેય જ્ઞાનશાળાના બાળકોને સંસ્થા દ્વારા ટ્રોફી એનાયત કરી દરેક બાળકોને ગીફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા. ત્યારબાદ સંસ્થાના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતાએ પોતાના વક્તવ્યમાં સંસ્થાનો પરિચય અને સંસ્થાના સુકૃતોની માહિતી આપી. મોટીવેશનલ સ્પીકર આકાશ ત્રિવેદીએ ખૂબ જ રમુજ ભર્યા વક્તવ્યથી બધાને ખૂબ જ મોજ કરાવી. સમાજના શ્રેષ્ઠીઓ નિલેશભાઈ પાટડીવાળા, જયેશભાઈ ધોલેરાવાળા, ભાવેશભાઈ હકાણી, અજયભાઈ બરાનીયાવાળા, હિતેશભાઈ શાહ, હિરેનભાઈ શાહ, જયેશભાઈ લોખંડવાળા, જિજ્ઞેશભાઈ લોખંડવાળા, ઋષભભાઈ અજમેરા, મહાવીરભાઈ લખતરવાળા, રમેશભાઈ તથા દિલીપભાઈ વિરમગામવાળા, અપૂર્વભાઈ સંઘવી, નરેન્દ્રકાકા, સૌમિલભાઈ ભાયાણી, ઋષભભાઈ શાહ, ધ્રુમિલભાઈ શાહ, જે. જે. શાહ પરિવાર હાજર રહી કાર્યક્રમને ચાર ચાંદ લગાડ્યા. અને સંસ્થાને ખૂબ જ પ્રોત્સાહિત કરી સુકૃતો કરવાનું બળ પુરુ પાડ્યું. સંસ્થાએ દરેક મહાનુભાવોનું સન્માન કરી તેઓના વરદ્ હસ્તે સોવિનીયરનું વિમોચન કરાવ્યું. સંસ્થા દ્વારા ઉદ્દઘાટનના તેમજ ભોજન સમારંભના દરેક દાતાશ્રીઓને સન્માનિત કરવામાં આવ્યા. સમાજના દરેક શ્રેષ્ઠીઓએ તથા જીવદયાપ્રેમીઓએ દાનનો પ્રવાહ વહાવી અબોલજીવો માટે અનુદાન અર્પણ કરી પૂણ્યાનુબંધી પૂણ્યાનુ ઉપાર્જન કર્યું. અંતમાં ગૌરાભાઈ મહેતાએ દરેકનો આભારી માની કાર્યક્રમને વિરામ આપેલ.

- જતીન ખંધાર

## જુદા જુદા

ભાવ જુદા, ભાવાર્થ જુદા... શબ્દ જુદા, શબ્દાર્થ જુદા..
હૃદય હૃદયના ભાવ જુદા.. સૌ સૌના ઘાવ પણ જુદા,
માનવી માનવીની જાત તો એક પણ માનવ માનવે મન જુદા..
કોઈ લાખનો તો કોઈ ખાખનો સૌના વેચાણના ભાવ જુદા..!
મહામુલુ આ માનવજીવન જીવવાના અંદાજ જુદા..

આપણે કોઇને બદલવા માંગતા હોઇએ,
તો સૌ પ્રથમ આપ પોતે બદલાવું પડે.
બીજા લોકો તમારી મરજી મુજબ જીવે એ તમે ઇચ્છતા હોય,
તો તમારે પ્રથમ બીજાની મરજી મુજબ જીવતા શીખવું પડે.

Bindra sanghvi
Mehndi art & classes

9909970640
bindra.sanghvi@gmail.com
bindrasanghvimehndiart
Bindra Sanghvi
Ghatlodia, Ahmedabad-380061

ગુજરાત સમાચાર સંદેશ
THE TIMES OF INDIA દિવ્ય ભાસ્કર
જાહેર નોટીસ, નામ ચેન્જ
ટચુકડી, પ્રાઈમ પ્રોપર્ટી
બેસણું, શ્રધ્ધાંજલિ, અભિનંદન
ડિસ્પ્લે, કોમર્શીયલ, લગ્નવિષયક
ઘરેબેઠા કોઈપણ ન્યુઝપેપરમાં જાહેરાત આપવા માટે સંપર્ક કરો.
મેહુલ પી. શાહ 9825042967

Neminath Electronics
Ritesh Shah
M. : 9974425154
riteshshah105@gmail.com
Deal in : All Types of Industrial Electronics Component
B/417, 4th Floor, Sumel-11, Nr. Namaste Circle, Delhi Darwaja to Sahibaug Road, Sahibaug, Ahmedabad-380004.

હર્ષદભાઈ : (M) 98244 45844
પ્રતિક : (M) 98258 03686
સર્વોદય
૧, વૃંદાવન બિલ્ડીંગ, આઈ.ડી.બી.આઈ બેંક સામે, ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન: (O)27433686 (R)27483721
Email: sarvoday3686@gmail.com



ઘરનું માણસ જ્યારે દુશ્મનાવટ કરવા બહાર પડે છે, ત્યારે તે બહારના દુશ્મન કરતાં વધુ ભયાનક બની જાય છે.

# "ZPL Women's Box Cricket Tournament - 2" - અહેવાલ

શ્રી ઝાલાવાડ વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા દર વર્ષે ZPL તો રમાય છે. ગયા વર્ષે સમાજની લેડીઝ, દીકરીઓ માટે બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ જેમાં સમાજની હાઉસવાઇફ, દીકરીઓએ ખૂબ જ સારો રીસપોન્સ આપી તે ટુર્નામેન્ટને સફળ બનાવેલ. આ વર્ષે પણ "Women"S Box Cricket Tournament"નું આયોજન તા. ૨૯-૧૨-૨૦૨૪ને રવિવારના રોજ સ્કાય બોક્ષ ક્રિકેટ ગ્રાઉન્ડ, મુમતપુરા, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવેલ. સવારના ૭-૦૦ વાગ્યાથી જ દરેક ટીમ ઓનરની સાથે લેડીઝ પ્લેયર્સ તૈયાર થઇને આવી ગયેલ. તેમનો ઉત્સાહ જોઇને એવું લાગે છે હવે દર વર્ષે વુમન્સ ટુર્નામેન્ટ રાખવી પડશે. કાર્યક્રમની શરુઆત નવકાર મંત્ર અને રાષ્ટ્રગીતથી કરવામાં આવી. શરુઆતમાં ક્રિકેટ મેચના મુખ્ય સ્પોન્સરર શ્રીમતી હસુમતીબેન કાંતિલાલ શાહ (વિરસદવાળા) હ..શ્રી ભાવેશભાઇ કાંતિલાલ શાહ તથા વુમન્સ બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટના કો- સ્પોન્સર્સ ડો. નિલેશભાઇ પી. સંઘવી તથા ડો. બીનાબેન નિલેશભાઇ સંઘવીના મળેલ સૌજન્ય બદલ તેઓનો આ ક્ષણે આભાર માનવામાં આવેલ.

આ ટુર્નામેન્ટમાં સમાજના પ્રમુખશ્રી ડો. નિલેશભાઇ સંઘવી, મંત્રી શ્રી ચેતનભાઈ શાહ, કમીટી સભ્ય શ્રી નિલયભાઇ શાહ, શ્રી ઋષભભાઇ સંઘવી, શ્રી મિત્તલભાઇ શાહ તથા ઇવેન્ટ કમીટી સભ્ય શ્રી જીગરભાઇ સંઘવી, શ્રી સંકેતભાઇ વસાણી, શ્રી ચિરાગભાઇ વોરા, શ્રી રુચિતભાઇ વેજાણી,શ્રી પરિન સંઘવી, શ્રી દર્શિતભાઇ વોરા, શ્રી આગમ સંઘવી, ડો. વિધિબેન વોરા, શ્રી વિશાલભાઇ સંઘવી વિ. હાજર રહેલ. ઇવેન્ટ કમીટી ચેરમેન શ્રી નિલયભાઇ શાહે જણાવ્યું કે ગયા વર્ષની જેમ જ આ વર્ષે પણ ઘણાં ઓછા સમયમાં ૮૦ થી વધુ લેડીઝ પ્લેયર્સના રજિસ્ટ્રેશન થઇ ગયેલ તથા ઓછા સમયમાં જે રીતે બધી ટીમોએ પ્રેક્ટીસ કરી તે ધન્યવાદને પાત્ર છે.

આજની મેચના કો-સ્પોન્સર ડો. શ્રી નિલેશભાઇ સંઘવીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે આજે આટલી ઠંડીના મોસમમાં હાજર રહેલ લેડીઝ,દીકરીઓનો આટલો ઉત્સાહ જોઇને આનંદ થાય છે અને તમે તમારા બાળકોના ભણતર, ઘરની જવાબદારી વિ. જોતાં આટલા વ્યસ્ત શિડ્યુલમાં પણ તમારો કિંમતી સમય આ રમત માટે ફાળવ્યો તે બદલ તમને બધાને ખૂબ ખૂબ ધન્યવાદ

ત્યારબાદ દરેક ટીમ ઓનર તથા કેપ્ટનને સમાજની દિકરી ચિ. કલશ દેસાઇ તથા ચિ. વૃધ્ધિ દેસાઇએ વિજય તિલક કરી મોઢું મીઠુ કરાવેલ. કમિટી સભ્યશ્રી ઋષભભાઇ સંઘવીએ દરેક ટીમના ઓનર, કેપ્ટન, પ્લેયર્સને પ્રતિજ્ઞા લેવડાવેલ. ત્યારબાદ લીગ મેચ શરુ કરવામાં આવેલ. સવારની કડકડતી ઠંડીમાં હાજર રહેલ સૌ સભ્યો માટે ચા-કોફી તથા ગરમા ગરમ ખીચું આપવામાં આવેલ તથા બપોરના સુંદર અનલિમિટેડ સાઉથ ઇન્ડિયન લંચ જમાડવામાં આવેલ.

સ્કાય બોક્ષ ગ્રાઉન્ડ પર બે બોક્ષમાં વારાફરતી ટીમો વચ્ચે લીગ મેચ રમાડવામાં આવી. આ મેચનું એમ્પાયરીંગ કરવા માટે શ્રી જીગરભાઇ સંઘવી, શ્રી રુચિતભાઇ વેજાણી, શ્રી હેતાર્થ વોરા, શ્રી નિરવભાઇ ગોપાણી તથા શ્રી નમનભાઇ શાહે તેમનો કિંમતી સમય આપેલ તે બદલ સમાજ તેમનો પણ આભારી છે. લીગ મેચો પુર્ણ થયા બાદ બલ્યુ વ્હેલ્સ ટીમ તથા પીન્ક પેન્થર ટીમ વચ્ચે ફાઇનલ મેચ રમાડવામાં આવેલ જેમાં બલ્યુ વ્હેલ્સ ટીમ વિજેતા જાહેર થયેલ.

ઇવેન્ટ કમીટી ચેરમેન શ્રી નિલયભાઇ તથા ઋષભભાઇ સંઘવી દ્રારા ક્લોઝીંગ સેરેમનીનો કાર્યક્રમ ચાલુ કરવામાં આવેલ. જેમાં શ્રી નિલયભાઇ શાહે આ ઇવેન્ટ માટે જેમણે પણ સહકાર આપેલ છે તે સૌનો આભાર માનેલ. આ તબક્કે આપણે સમાજની ZPL ઇવેન્ટ કમિટીના વોલેન્ટર્સ, શ્રી દર્શનભાઇ સંઘવી, શ્રી ઋષભભાઇ સંઘવી, શ્રી અંકિતભાઇ સંઘવી,શ્રી શ્રેણિકભાઇ દોશી, શ્રી તુષારભાઇ વોરા, શ્રી વિશાલભાઇ સંઘવી, શ્રી રાજુભાઇ સલોત, શ્રી મિત્તલભાઇ શાહ, શ્રી ચિરાગભાઈ વોરા શ્રી સંકેતભાઇ વસાણી, શ્રી દર્શિતભાઇ વોરા, શ્રી રુચિતભાઇ વેજાણી, શ્રી સંકેતભાઇ વસાણી, શ્રી આર્જવ સંઘવી, શ્રી આગમ સંઘવી વિ. નો આભાર માનેલ. અને બોક્સ ક્રિકેટની જગ્યા અને એમ્પાયરની વ્યવસ્થા માટે ડૉ. વિધિબેન વોરાનો ખાસ આભાર માનેલ છે. છેલ્લે આપણા સમાજના ઓફિસ સ્ટાફ રોશનીબેન, કલ્પેશભાઇ, ઉર્વશીબેન તથા મંગળકાકાનો આભાર માનેલ તથા જણાવેલ કે આમના વગર કોઇ પણ ઇવેન્ટ શક્ય જ નથી. હાજર રહેલ સૌએ તાળીઓના ગડગડાટથી તેમનું અભિવાદન કરેલ. સમગ્ર ઈવેન્ટની સુંદર ફોટોગ્રાફી થઈ શકે તે માટે શ્રી મિત્તલભાઈ શાહ અને શ્રી આગમ સંઘવીનો સમાજ ખુબ ખુબ આભાર માને છે.

ત્યારબાદ આજની મેચના બેસ્ટ બોલર ચિ. મીશા સંઘવી તથા બેસ્ટ બેટર ઓફ વુમન્સ ચિ. આત્મી કિંતન ગાંધી તથા પ્લેયર ઓફ ટુર્નામેન્ટ ચિ. આત્મી કિંતન ગાંધીને સમાજના પ્રમુખશ્રી ડો. નિલેશભાઇ તથા ડો. બીનાબેન સંઘવી દ્વારા ઉપરોક્ત ટ્રોફી આપવામાં આવેલ. ત્યારબાદ ચેમ્પિયન તથા રનર્સ અપ ટીમ સિવાયની બાકીની છ ટીમના ખેલાડીઓને ત્યાં હાજર રહેલ સ્પોન્સર્સ તથા ઇવેન્ટ કમીટી સભ્યો દ્વારા બ્રોન્ઝ મેડલ આપવામાં આવ્યા. ત્યારબાદ આજની રનર્સ અપ ટીમ પીન્ક પેન્થર્સ ના ઓનર શ્રીમતી રુપાબેન દોશી તથા શ્રીમતી અવનીબેન દોશીને બોલાવી આજની મેચના કેશ પ્રાઇઝ પાર્ટનર શ્રીમતી શેફાલીબેન જિગ્નેશભાઇ કોઠારી દ્વારા રુ. ૫૦૦૦ નું ઇનામ આપવામાં આવેલ તથા કો- સ્પોન્સર ડો. નિલેશભાઇ તથા ડો. બીનાબેન સંઘવી તથા પ્રાઇઝ પાર્ટનર શ્રીમતી કૈલાસબેન કલ્પેશભાઇ દોશી દ્વારા તેઓને રનર્સ અપ ટ્રોફી તથા તે ટીમના ખેલાડીઓને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યા. હવે જેની આતુરતાથી રાહ જોઇ રહેલ વિજેતા ટીમ બલ્યુ વ્હેલસના ટીમ ઓનર શ્રીમતી ખુશબુબેન કિંતનભાઇ ગાંધી તથા ટીમના પ્લેયર્સને સ્ટેજ ઉપર બોલાવવામાં આવ્યા. કેશ પ્રાઇઝ પાર્ટનર શ્રીમતી શેફાલીબેન જિગ્નેશભાઇ કોઠારી દ્વારા રુ. ૧૦૦૦૦ કેશ પ્રાઇઝ આપવામાં આવેલ તથા ડાયસ પરના મહાનુભાવો દ્વારા ચેમ્પિયન ટ્રોફી એનાયત કરવામાં આવેલ તથા તે ટીમના ખેલાડીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવેલ. બંને ટીમનો જુસ્સો જબરજસ્ત દેખાઇ આવતો હતો..આજની મેચમાં શ્રી નિરવભાઇ ડી. દેસાઇ તથા શ્રી સમીરભાઇ ડી. દેસાઇ દ્વારા સ્પે. ઇનામ જાહેર કરવામાં આવેલ જે પ્લેયર્સને ટ્રોફી મળેલ છે તેઓના તરફથી બેટ આપવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં જેને પણ આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે ફાળો આપ્યો છે. તે સૌનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવેલ.

પ્રેષક : - રોશની રાવલ



જે માણસને શીખવાની ઈચ્છા હોય તે માણસને
દરેક ભૂલ તેને કંઈક શિક્ષણ આપી શકે છે.

# શ્રી ઝાલાવાડ વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ આયોજિત તથા ZPL ઈવેન્ટ ગ્રુપ સંચાલિત શ્રી ઝાલાવાડ પ્રિમિયર લીગ - ૯ નો ઓપનિંગ સેરેમનીનો અહેવાલ

શ્રી ઝાલાવાડ પ્રિમિયર લીગ-૯ની ઓપનિંગ સેરેમની તા. ૦૫-૦૧-૨૦૨૫ ના રોજ સવારે ૭-૩૦ કલાકે જય અંબે ક્રિકેટ ગ્રાઉન્ડ, હેબતપુર પર રાખવામાં આવેલ. આ વખતે દરેક ખેલાડીએનો ઉત્સાહ એટલો બધા હતો કે ટીમના ઓનર તેઓની ટીમના ખેલાડીઓ સાથે હાજર થઈ સમયસર ગ્રાઉન્ડ ઉપર આવી ગયા હતા. કાર્યક્રમની શરૂઆત નવકારમંત્રના સ્મરણથી તથા રાષ્ટ્રગીત દ્વારા કરવામાં આવી. ZPL ઈવેન્ટ ગ્રૂપના સભ્યશ્રી ચિરાગભાઈ વોરા દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવેલ.

મુખ્ય સ્પોન્સર તરીકે શ્રીમતી હસુમતીબેન કાંતિલાલ શાહ (વિરસદવાળા) હ.શ્રી ભાવેશભાઈ કાંતિલાલ શાહ પરિવાર તરફથી "એટલાસ કપ"માટે સૌજન્ય મળેલ છે તે બદલ તેઓશ્રીનો આભાર માનવામાં આવેલ. આજની ઓપિનિગ સેરેમનીમાં સમાજના પ્રમુખ શ્રી. ડો.નિલેશભાઈ પી.સંઘવી, માનદ મંત્રીશ્રી ચેતનભાઈ આર. શાહ, સહમંત્રીશ્રી દર્શનભાઈ જી. સંઘવી કમિટી સભ્ય શ્રી હસમુખભાઈ એમ વસાણી, શ્રી નિલયભાઈ વી. શાહ, ZPL ઈવેન્ટ કમિટી સભ્ય શ્રી અંકિતભાઈ સંઘવી, શ્રી તુષારભાઈ વોરા, શ્રી શ્રેણિકભાઈ દોશી તથા શ્રી જીગર સંઘવી, શ્રી.રૂચિત વેજાણી અને ઓફિસ સ્ટાફ રોશનીબેન, કલ્પેશભાઈ, ઉર્વશીબેન, મંગળકાકા હાજર રહેલ હતા.

સમાજના પ્રમુખ શ્રી.ડો.નિલેશભાઈ પી.સંઘવી એ જણાવ્યું કે આપણે ખેલદિલીથી ભાઈચારાની ભાવનાથી અને ખુબ જ ઉત્તમ રીતે ZPLની ૮ સીઝન રમીને આજે આપણે ZPL-9 ની સીઝન રમવા જઇ રહ્યા છી.સમાજ આવતા વર્ષથી ખેલાડીઓનું ઓક્શન પણ કરવું એવું વિચારણામાં છે. દરેક ખેલાડીની ફિટનેસ ખુબ જ જરૂરી છે. ટીમ સ્પીરીટ તથા સ્પોર્ટમેન સ્પીરીટથી આપણે રમવું જોઈએ. પ્રમુખશ્રીએ આજની ઈવેન્ટ ગ્રૂપના સભ્યોની કામગીરીને બિરદાવેલ. હાજર રહેલ ટિમના ઓનર તથા ખેલાડીઓને રોશનીબેન દ્વારા વિજય તિલક કરીને મોં મીઠું કરાવેલ. ત્યારબાદ ZPL ઈવેન્ટ કમિટીના સભ્ય શ્રી જીગરભાઈ સંઘવી દ્વારા દરેક ટીમના ઓનર્સ, કેપ્ટ્ન  તથા પ્લેયર્સ જોડે પ્રતિજ્ઞા લેવડાવેલ. ZPL-9 ક્રિકેટ મેચના મુખ્ય સ્પોન્સર શ્રી.ભાવેશભાઈ કે. શાહએ સમગ્ર ટુર્નામેન્ટ માટે દરેક ખેલાડીઓને શુભેચ્છા પાઠવેલ.

લીગ મેચ શરૂ થાય તે પહેલા સમાજના પ્રમુખશ્રી, માનદ મંત્રીશ્રી, સહમંત્રીશ્રી તથા બે ટીમના ઓનર વચ્ચે ટોસ ઉછાળવામાં આવેલ.અને લીગ મેચની શરૂઆત કરેલ. આજની લીગ મેચોનું નીચે મુજબ પ્રદર્શન રહ્યું.

ZPL-9માં લીગ મેચમાં જાહેર થયેલ મેન ઓફ ધ મેચની ટ્રોફી ફાઇનલ મેચના દિવસે જ આપવામાં આવશે તેવું નક્કી કરેલ છે. મેચના અંતે એમ્પાયરશ્રી તથા સ્કોરરશ્રી હાજીભાઇનો સમાજના કમિટી સભ્ય શ્રી ઋષભભાઈ દ્વારા કવર આપીને આભાર માનવામાં આવેલ.

ZPL-9 ઈવેન્ટ કમિટીના  સભ્ય શ્રી રૂચિત વેજાણીના સહયોગથી આજની ત્રણેય મેચોનું લાઈવ ટેલિકાસ્ટ ક્રિક હીરોઝ એપ ઉપર કરવામાં આવેલ. સમાજ તેમનો આભાર મને છે. આખા દિવસ દરમ્યાન શ્રી ધૈર્ય સંઘવી અને શ્રી આગમ સંઘવી દ્વારા ખુબજ સુંદર ફોટોગ્રાફી કરેલ છે તે બદલ સમાજ તેઓ બંન્ને આભાર મને છે.આજ રોજના જુનિયર ZPLનું સિલેક્શન રાખવામાં આવેલું. જેમાં શ્રી.આર્જવ સંઘવી, શ્રી નમન શાહ, શ્રી જીગર સંઘવી, શ્રી.દર્શન ગોપાણી ખુબ જ સરસ રીતે કાર્ય કર્યું છે. સમાજ તેમનો આભાર માને છે.

ZPL-9ના સવારની મેચના પ્લેયર્સ તથા ગ્રાઉન્ડ ઉપર ઉપસ્થિત રહેલ સૌના માટે સુંદર અલ્પાહારનું આયોજન શ્રીમતી ભદ્રાબેન જશવંતલાલ સંઘવી.. હ.ફોરમબેન અપૂર્વભાઈ સંઘવીનો ખુબ ખુબ આભાર માને છે. ત્યારબાદની બે મેચો માટે મળેલ રિફ્રેશમેન્ટ સ્પોન્સરનો પણ આ ક્ષણે આભાર માને છે. ZPL-9 ઈવેન્ટમાં સ્પોન્સર તરીકે આર્થિક યોગદાન આપનાર સૌ દાતાશ્રી ઓનો આભાર માને છે.

આજના દિવસે સમગ્ર મેચ દરમ્યાન ઉપસ્થિત રહેલ કમિટીના સભ્યો તથા ZPL ઈવેન્ટ કમિટીના સભ્યો તથા ઓફિસ સ્ટાફ અને મંગલકાકા નો ખુબ ખુબ આભાર

પ્રેષક : ZPL -9 ઈવેન્ટ કમિટી સભ્યશ્રી શ્રેણિકભાઈ દોશી

| NO. | League Match | Score | Winner Team | Man of the Match |
|---|---|---|---|---|
| 1. | Ram Lakhan Ke Purple Pandas VS Neminath Electro's Golden Lions | Ram Lakhan Ke Purple Pandas (108/8) Neminath Electro's Golden Lions (110/5) | Neminath Electro's Golden Lions | Naman S. Shah |
| 2. | JK & KG's Green Pythons VS GarV Grey Panthers | JK & KG's Green Pythons (135/7) GarV Grey Panthers (139/5) | GarV Grey Panthers | Krunal B. Shah |
| 3. | JP's Blue Whales VS Ame Sid na Red Bulls | Ame Sid na Red Bulls (125/8) JP's Blue Whales (121/7) | Ame Sid na Red Bulls | Ruchit S. Vejani |



જે શિક્ષણમાં સમાજ અને રાષ્ટ્રના કલ્યાણની ચિંતાનું તપ નથી તે ક્યારેય સાચુ નથી.

## આપણે બદલાઇએ તો દુનિયા પણ બદલાશે

એક યુવતી પરણીને સાસરીએ આવી. સસરા તો પહેલેથી જ સ્વર્ગે સીધાવેલા એટલે સાસુમાંને સાચવવાની જવાબદારી આ નવી પરણીને આવેલી વહુની જ હતી. સાસુને વાત વાતમાં ટોક ટોક કરવાની ટેવ હતી. સાસુની સતત ટક ટકથી વહુ થોડા જ મહીનામાં કંટાળી ગઇ. છોકરી થોડા દિવસ એમના પિયરમાં રોકાવા માટે આવી. મમ્મીએ દિકરીનો ચહેરો જોઇને જ અંદાજ લગાવી લીધો કે એમને સાસરીયામાં કંઇક તકલીફ છે એટલે એમણે દિકરીને પેટછૂટી વાત કરવા માટે કહ્યું. દિકરીએ બધી જ વાત કરી અને કહ્યું, મમ્મી મને તો ઘણીવાર એવું થાય છે કે મારી સાસુને મારી નાંખુ નહીંતર હું મરી જઇશ.”

મમ્મીએ દિકરીને સમજાવતા કહ્યું, “બેટા. જો તું આવું કરીશ તો તારે જિંદગી જેલમાં વિતાવવનો વારો આવશે. હું તને એક એવો ઉપાય બતાવું કે તારી સાસુ મરી જાય અને તારા પર કોઇ આક્ષેપ પણ ન કરે.” છોકરીએ કહ્યું, “મમ્મી મને જલદી એ ઉપાય જણાવ.” મમ્મીએ કહ્યું, “હું તને એક દવા આપીશ. એ ધીમું ઝેર છે. રોજ થોડું થોડું તારા સાસુના ભોજનમાં નાંખજે એટલે છ મહીના પછી એની અસરથી તારી સાસુ મરી જશે અને કોઇને તારા પર શંકા પણ નહીં જાય.” બીજા દિવસે માએ દિકરીને એક દવા આપી. દિકરી રાજીની રેડ થઇ ગઇ. દિકરી સાસરે જવા વિદાઇ થઇ ત્યારે માએ એને કહ્યું, “બેટા, તારે એક ખાસ બાબતનું ધ્યાન રાખવાનું છે કે આ છ માસ દરમ્યાન તું એક આદર્શ વહુ બનીને રહેજે. જેથી બધાને એવું લાગે કે તારી સાસુના મોતમાં તારો કોઇ હાથ નથી. તારે આ નાટક માત્ર છ માસ જ કરવાનું છે.”

બીજા દિવસથી વહુ સાવ બદલાઇ ગઇ. વાત વાતમાં સાસુની સામે થઇ જતી, એના બદલે સાસુની ખૂબ સેવા કરવા લાગી. સાસુ ગમે તેવુ ખરાબ બોલે તો પણ તે પ્રેમથી સાંભળી લે અને સાસુને હસી હસીને જવાબ આપે. વહુના બદલાવની અસર સાસુ પર પણ થવા લાગી. સાસુને વહુ હવે ગમવા લાગી. વહુને વઢવાને બદલે આડોશ પાડોશમાં વહુના વખાણ કરવાનું ચાલુ કર્યું. ટક ટક કરવાનું તો સાવ બંધ જ કરી દીધું. વહુને સાસુનો આ બદલાવ બહુ ગમ્યો. જે સાસુને એ નફરત કરતી હતી એ સાસુ હવે એને વહાલી લાગવા માંડી. મમ્મીએ આપેલી દવાથી સાસુ હવે થોડા મહિનામાં મરી જશે એ વિચારથી એ ધ્રૂજી ઉઠી.

પિયર જઇને મમ્મીને કહ્યું, “મમ્મી, મારી સાસુ સાવ બદલાઇ ગઇ છે. મને ખૂબ પ્રેમ કરે છે. હવે એ ખૂબ લાંબું જીવે એવુ હું ઇચ્છું છું. મને કોઇ એવી દવા બતાવ જે આ ઝેરને બિનઅસરકારક કરી દે.” મમ્મીએ હસતા હસતા કહ્યું, “બેટા, મેં તને ઝેરી દવા આપી જ નહોતી, એ તો માત્ર શક્તિવર્ધક પાઉડર હતો. મને ખબર જ હતી કે જો તું તારી જાતને બદલીશ, તો તારી સાસુ પણ આપોઆપ બદલાઇ જશે.”

## આચાર - વિચાર

ગુજરાતના જાણીતા લેખક ધૂમકેતું. નામ ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી. તે વખતે ખાનપુરમાં રહે. એમના ઘરમાં ઉંદરોનો ત્રાસ, પાર વિનાના ઉંદરો. સાપ કાં ઉંદરની બીક તેમને વધુ લાગતી... કારણ જાણો છો ?

ધૂમકેતુને પુસ્તકો પ્રાણ કરતાંય અધિક વહાલાં હતાં. ઉંદર એ પુસ્તકોને કાતરી ખાય. ધૂમકેતુને મોટી બીક પુસ્તક બચાવવાની. સુથાર પાસે પાંજરું બનાવડાવ્યું. એમનું સર્જનકાર્ય રાત્રે પણ ચાલુ જ રહેતું. કોઈ વખત લખવાનું ચાલુ હોય તે જ વખતે ઉંદર જ સપડાય ! લખવાનું બંધ થઈ જાય !

પાંજરું ઊંચકીને બહાર આવે. મધરાત હોય, ઘોર અંધારું હોય એવા સમયે પણ ઉંદરને છોડવા કિનારે જ જાય ! પછી ઘેર આવીને સર્જનકાર્ય આગળ ધપાવે. એક સ્નેહીને આ બાબતની જાણ થઈ. તેણે ધૂમકેતુને કહ્યું : “સાહેબ ! ઉંદરને સવારે છોડી આવો તો લખવામાં અવરોધ ના આવે ને ?’

જવાબમાં ધૂમકેતુએ કહ્યું : હું તો મુક્તિના મહામંત્રનો ઉપાસક છું. પુસ્તકમાં મુક્તિ અને પ્રેમનાં ગીત ગાઉં છું. ઉંદરને આખી રાત પાંજરામાં પૂરેલો રાખવાથી દુઃખી ન થાય ? એ કારાગૃહની વેદના સહન કરે અને હું પ્રેમનો મહિમા ગાઉં ? એવો દંભ મારાથી ન થાય !’ વાણી અને વર્તનનો કેવો અદ્ભુત સંયોગ.

SHAH ASSOCIATES
DISTRUBUTORS : LAMINATED POUCHES, BOPP FILM / PVC SHRINK / CELLO TAPE / L.D. HMHD. P.P. PLAIN BAGS, PRINTED BAGS / CORRUGATED BOXES
ASHOK SHAH, HEMANG SHAH (M) 9825048421
Adm. Office : B-1, 104, 1st Floor, Paladium Complex, Corporate Road, S.G. Road, Setellite, Ahmedabad
Ph. : (079) 27558672
E-mail : shahpapers&foils@hotmail.com
shahpapers&foils@gmail.com
Phone : (R) (079) 26931040 / 41

મનપસંદ મેરેજ બ્યુરો
જૈન તથા ઉચ્ચજ્ઞાતી
વેલ એજ્યુકેટેડ - વેલ સેટલ્ડ યુવક યુવતીઓ માટે પસંદગીની વિશાળ તક, મીટીંગની અલગ વ્યવસ્થા, સફળ યુવા મેળા ના આયોજક રજીસ્ટ્રેશન માટે :-
૩૦૧, શુકન કોમ્પ્લેક્ષ, ઓફ સી.જી. રોડ, જૈન ડેરી સામે, ફેરડીલ હાઈસની બાજુમાં, સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ
Ph. : 26466208/9, 9376163226, 9375809340
Email : smita@manpasandjodi.com
Website : www.manpasandjodi.com

મો. : ૯૮૨૪૨ ૮૯૯૬૭
નવકાર ક્લીનીક
ડૉ. અમીત કે. દોશી (બોટાદવાળા)
B.H.M.S.
General Physician
૬૩/૭૪૮, ચિત્રકુટ એપાર્ટમેન્ટ, પેટ્રોલ પમ્પ સામે, સોલા રોડ, અમદાવાદ - ૬૩.
E-mail : navkarclinic@gmail.com
સમય : સવારે ૮-૩૦ થી ૧-૩૦ • સાંજે ૫-૦૦ થી ૯-૩૦ • રવિવાર સવારે ૯-૦૦ થી ૧૨-૦૦
જ્ઞાતીબંધુ તથા જરૂરીયાતમંદોને રાહતદરે સારવાર આપવામાં આવશે.
શુભેચ્છક : વૈદ્ય કીશોરભાઇ ત્રંબકલાલ દોશી, બોટાદ



સામાયિક - પ્રતિક્રમણ કરતા વખતે લક્ષ્ય શું તે વખતે ભાવ ઉછળતા હોવા જોઈએ.

## ચોરી

એક ઘરમાં ત્રણ ચોર ઘૂસ્યા. ઘરમાં બહેન એકલાં હતાં. ચોરોએ બહેનને સમજાવ્યું કે બહેન જો માંગેલી ચીજોને આપી દેશે, તો તેઓ ઘરને રફેદફે નહીં કરે અને તેમને હાથ પણ નહીં અડકાડે.

ચોર સોફા પર બેઠા અને કહ્યું કે બધી જ્વેલરી અને રોકડ લઇ આવો. બહેન જ્વેલરી અને રોકડ લઇ આવ્યાં. ચોરોએ કહ્યું કે છેલ્લે લગ્નમાં જે સાડીઓ પહેરી હતી તે લઈ આવો. બહેન મોંઘી સાડીઓ લઈ આવ્યાં. ચોરોએ આદેશ કર્યો કે પતિએ એનિવર્સરી પર જે ગિફ્ટ આપી હતી તે લાવીને મૂકો. બહેને આદેશનું પાલન કર્યું. ચોરોએ કહ્યું કે દુબઈમાં રહેતી તમારી બહેને જે ઘડિયાળ આપ્યું છે તે લાવો. બહેન ઘડિયાળ હાજર કર્યું. ચોરોએ છેલ્લે કહ્યું કે કાલ રાતે પાર્ટીમાં વધેલી કેક, કોલ્ડ ડ્રીંક લઈ આવો. બહેને કેક અને ડ્રીંક હાજર કર્યું.

ચોર પેટપૂજા કરીને લૂંટના સામાન સાથે જવા લાગ્યા, એટલે બહેને અચકાતાં અચકાતાં પૂછ્યું, "ભાઈ, તમે બહુ પ્રોફેશનલ અને ઉદાર ચોર લાગો છો, પણ મને એ ખબર ના પડી કે મારા ઘરમાં આ બધું છે એ તમને કેવી રીતે ખબર પડી?"

ચોરોના સરદારે મોઢા પરથી માસ્ક ઉતારીને કહ્યું, "મેડમ, અમે તમારા ફેસબુક ફ્રેન્ડ છીએ, અને તમારી પોસ્ટ તેમજ સ્ટેટસ નિયમિત વાંચતા રહીએ છીએ."

## ભુલાઈ ગયું...

ઘરમાં ટીવી આવ્યું
હું વાચન ભૂલ્યો
બારણે ગાડી આવી
હું ચાલવાનું ભૂલ્યો
હાથમાં મોબાઈલ આવ્યો
હું પત્રલેખન ભૂલ્યો
કેલક્યુલેટર આવ્યું ને
ઘડિયા બોલવાનું ભૂલ્યો
એસીની ઠંડકમાં
વૃક્ષ નીચેની ઠંડી હવા ભૂલ્યો
બેન્કમાં ખાતાં સંભાળતાં
પૈસાનું મૂલ્ય ભૂલ્યો
ફાસ્ટ ફુડના જમાનામાં
સંતોષનો ઓડકાર ભૂલ્યો
સ્વાર્થી સંબંધોની દુનિયામાં
સાચો પ્રેમકરવાનું ભૂલ્યો
વોટ્સ એપના આવવાથી
મીઠી નીંદર માણવાનું ભૂલ્યો
ને સુખેથી સુવાનું ભૂલ્યો


ધન કરતાં ધર્મ કિંમતી છે, ધન એક ભવ પુરતું છે. ધર્મ તો ભવોભવનો તારક છે, દ્રષ્ટિ બદલાશે, તો દિશા બદલાશે.

PRAVINBHAI J. BARBHAYA : 9427907933

VIRANG : 9825010919 BRIJESH : 9016450264

VE VIRANG ENTERPRISE VIRANG

TATA mahindra FORCE EICHER SWARAJ MAZDA

BUS BODY ITEMS & AUTOMOBILE COMPONENTS

STOCKIST IN : ALL AUTOMOBILE FIBER PRODUCTS

SALES OFFICE : 26, Celler, India Estate, B/h. Relief Hotel, Sanand Road, Sarkhej, Ahmedabad. Phone : 079-26891087

SIDDHARTH PRINTERY

- Graphic Designing & Printing
- Acrylic & Signage Board
- Non Woven Bag Printing

SCAN FOR CATALOGUE 09925117710 SCAN FOR PROFILE

LL-13 Harekrishna Complex, Opp. Kothawala Flats, Paldi, Pritamnagar, Ahmedabad-380 006.

siddharthprintery@gmail.com

મા-બાપની આંખમાં બેવખત આંસુ આવે છે
દીકરી ઘર છોડે ત્યારે... દીકરો તરછોડે ત્યારે...

ધનલક્ષ્મી સ્ટોર્સ

ઈમિટેશન ● કોસ્મેટિક્સ ● હોઝિયરી ● બિંદી અને બ્રા - પેન્ટી

૪૫/૩, પાર્શ્વનાથ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

ભુપેન્દ્રભાઈ બારભાયા
મો. : ૯૪૨૬૭૬૭૯૯૮

છબીલભાઈ શાહ
મો. : ૯૪૨૬૫૭૭૨૧૮, ૮૨૩૮૨૯૩૭૦૧




મોહનીયકર્મમાં જ્યાં સુધી ફસાયેલા રહેશું ત્યાં સુધી શ્રાવકપણું, સંયમ, કેવળજ્ઞાન, સમ્યક્ત્વ મળશે નહીં.

# જેની દીકરી સુખી એનો બાપ સુખી, જેની દીકરી દુઃખી એનો બાપ પણ દુઃખી હોય છે

બાપની પળ પળ ચિંતા કરે એનું નામ દીકરી કહેવાય. એક સત્ય ઘટના છે .

અમદાવાદ સ્થિત ગુજરાતના પ્રસિદ્ધ લોકકલાકારના જીવનમાં બનેલી ઘટના છે. તેમને ત્યાં એક દીકરી ઘરકામ કરતી હતી. કામ કરતા કરતા એને ખબર પડી કે થોડા દિવસ પછી શેઠનો કાર્યક્રમ તેના પિયર ધોરાજીમાં છે.

ધોરાજીમાં જવાનું હતું એના થોડા દિવસ પહેલા એ દીકરીએ વાત કરી કે સાહેબ મારે એક વાત કરવી છે તમને, કલાકારે કહયું બોલને બેટા.!! શું કામ છે? દીકરીએ કહ્યું સાહેબ આપ ધોરાજી કાર્યક્રમ આપવા જવાના છો. તો એક વિનંતી છે, મારું એક કામ કરશો?

કલાકારે કહ્યું, બેટા શું કામ છે.!! તેણીએ એમ જણાવ્યું કે મારા બાપુજી ધોરાજીમાં રહે છે.બાપનું મોઢું જોયુંને દસ વર્ષના વહાણા વાઈ ગયા છે. મારો ગરીબડો બાપ મારા સાસરાને ઘેર મારા બાપનું જરા માન નથી.પણ મારા બાપ ની આબરૂ અને સલાહ ખાતર હું પણ જીવું છું સાહેબ !

તમે ધોરાજી જવાના હોય તો મારું એક કામ કરશો. મારા બાપની માટે કઈંક મોકલવું છે. તમે લઇ જશો. સજ્જન કલાકારે એવો જવાબ આપ્યો કે હા બેટા લઇ જઈશ.કામ કરતી દીકરીએ એમ જણાવ્યું હતું કે સાહેબ મને રૂ૨૦૦/- ઉછીના આપશો. જે મારા પગારમાંથી તમે કાપશો નહીને. તમને થોડા થોડા કરીને સગવડતાએ ચૂકવી આપીશ. સાહેબ મારા પગારમાંથી કાપશો તો સાસરાવાળાને ખબર પડી જશે. તે કલાકારે કહ્યું કે ભલે બેટા રૂ.૨૦૦/- દીકરીને હાથમાં આપ્યા. જવાના આગલા દિવસે એ દીકરી આવી ને ભરત ભરેલી થેલીમાં એક શાલ બતાવીને રડતા રડતા એમ જણાવ્યું કે મારા બાપુને આપી દેજો.

લોકકલાકારે થોડા અચરજમાં આવીને એવો સવાલ પૂછ્યો કે ધોરાજી મોટું નગર હોવાથી તારા બાપુને કઈ રીતે ઓળખું. કોઈ સરનામું ! દીકરી હોશમાં આવીને કહ્યું કે કઈ નહિ સાહેબ,તમે એક કામ કરજો કે રેલવે સ્ટેશન પર જઈને ગમે એને પુછજો કે નારણભાઈ કીટલીવાળા જે ચ્હા બનાવતા હતા એ ક્યાં મળશે મારા બાપુને એ બધા ઓળખી જશે. હું ધોરાજી ગયો આયોજક માહેના એક ભાઈને જણાવ્યું કે અહિયાં સ્ટેશન પર નારણભાઈ કીટલીવાળા ચ્હા બનાવતા એને મળવું છે ! એની દીકરીનું કંઈક વસ્તુ લઈને આવ્યો છુ.મારે એને પહોચાડવું છે, જો કે એ દીકરીના અવાજ મારા કાનમાં ગુંજતા હતા. કોઈનેય કહેજો એટલે મારા બાપ સુધી લઇ જશે. અને દીકરીએ મને શાલ આપીને દીકરી કહેતી હતી કે સાહેબ મારા બાપુ પૂછે કે દીકરી કેમ છે.તો મારા બાપુને એમ કહેશો નહિ કે તમારી દીકરી મારા ઘરે કામ કરે છે. નહીતર મારા બાપને દુઃખ લાગશે.

જો કે ધોરાજીમાં એ ભાઈ તપાસ કરતા એ ભાઈ આવતા નથી.એમનું શરીર બરાબર રહેતું નથી.બિમાર પડી ગયા છે. તે હવે બંગલામાં વોચમેનનું કામ કરે છે. એ માણસે ત્યાં જઈને તપાસ કરી જો કે નારણભાઈ બેઠેલા હતા.

કલાકાર પણ પહોંચ્યા. પૂછ્યું નારણભાઈ તમારી કોઈ દીકરી અમદાવાદ રહે છે. નારણભાઈ અચાનક જવાબ આપ્યો કે હા.!! એ ભાઈએ જવાબ આપ્યો કે અમારા સાહેબ તમારી દીકરીના સમાચાર લઈને આવ્યા છે. દસ દસ વર્ષથી દીકરીના કોઈ સમાચાર ન હતા.

દીકરીને જોવા માટે જે બાપ ઝંખતો હતો.એ દીકરીના સમાચાર આવતા બેબાકળો બનીને હરખ માતો ન હતો. મને લઇ જાવ ક્યાં છે મારી દીકરી !

હાથ જોડીને એ વૃદ્ધ બાપ, કલાકાર સામે ઉભો હતો મારી દીકરીના સમાચાર તમે લાવ્યા છો? મારી દીકરી કેમ છે ! આ વાત કરતા આંખ ભીની નહીં અનરાધાર વરસી ગઈ !

દીકરીએ મોકલાવેલી શાલ બાપ નારણભાઈના હાથમાં આપી કહ્યું, તમારી દીકરીએ મોકલાવી છે. એ શાલ બાપે પોતાની છાતી સરસી વળગાડી લીધી. મેલો ઘેલો દીકરીનો બાપ તેમને પૂછતો હતો કે મારી દીકરી કેમ છે ? સારી છે ને ? સુખી તો છે ને ! દીકરીને આપેલ વચનને કારણે હિમત કરીને ખોટું બોલ્યો કે નારણભાઈ તમારી દીકરી ખુબ સુખી છે એમ કહીને મોઢું ફેરવી દીધું ! દુઃખયારો બાપ દીકરીના સમાચાર મળતા રાજી થયો હતો.

બાપે પોતાની દીકરીના સમાચાર મળ્યા બાદ પોતાની બંડીના ખિસ્સામાં હાથ નાખ્યો એક ખિસ્સામાં દસની નોટ જયારે બીજા ખિસ્સામાં પાંચની નોટ અને પરચુરણ મળીને રૂ. ૨૧/- ભેગા કરીને સજ્જન કલાકારના હાથમાં મુક્યા. સાહેબ મારી વ્હાલી દીકરી મળે તો કહેજો કે તારા બાપુએ મોકલ્યા છે.

જો કે બાપ ગરીબ હોય કે અમીર પણ દીકરીને દઈને રાજી થાય છે. જો કે ગરીબડા બાપે તેમને એમ જણાવ્યું કે સાહેબ એક પ્રાર્થના કરું, મારી દીકરી પૂછશે કે મારા બાપુ કેમ છે .!!

મારી દીકરીને એમ નહિ કહેશો કે હું વોચમેનની નોકરી કરું છું. આ ઉમરે પેટીયું રળવાને માટે વોચમેનની નોકરી કરું છું એ વાત જાણશે તો દીકરી દુઃખી થશે. સમગ્ર ઘટનમાં વિચાર કરો કે એક બાજુ દીકરીના સુખની વાત કરી અને બીજી બાજુ બાપે પણ વોચમેનની વાત ન કહેવાનું જણાવી દીધું.

આજના જમાનામાં જ નહીં, યુગ યુગાંતરથી બધી દીકરીએ બાપનું આરોગ્ય છે જેની દીકરી સુખી એનો બાપ સુખી, કોઈ બાપે દીકરી દુઃખી થાય એવી સલાહ આપી ન જ હોય. કીધું જ હોય "બેટા તારું ઘર સાચવીને રેજે અને તારા બાપની અને બાપના ખોરડાની આબરૂ સાથે તારી સાસરીની આબરૂ વધારજે" કારણ દીકરી દુઃખી તેનો બાપ પણ દુઃખી જ હોય છે !

કલાકાર જીવ હજુ પણ મૂંઝાય છે. મારો શામળિયો કોઈને આવા કામ ના સોંપે. જે કરતાં આપણા હાથ અને હોઠ બેય કંપે.



તમે હારી જાવ એની મને ચિંતા નથી,
પણ હારીને બેસી જાય તેની મને ચિંતા છે.

Radisson BLU
RESORT
GOA CAVELOSSIM BEACH

MANDREMBEACH
RESORT

MEMBER OF
RADISSON
Individuals.
RETREATS

Radisson®
GOA CANDOLIM





Mandrem Beach Resort, a 40-room quaint resort offering a unique blend of beachfront and riverfront accommodation, with a set of rooms facing the beachfront and another set of rooms facing the river.



Radisson Blu Resort Goa Cavelossim Beach, features brightly hued architecture and lush gardens has 132 Luxurious Rooms & Suites with 4 restaurants & bars, spa, large swimming pool, fully equipped business facilities and more.

Radisson Goa Candolim, a Boutique Resort with Mediterranean décor and 78 well appointed rooms located on the vibrant Candolim- Calangute beach belt, with 2 restaurants & bars, swimming pool, well equipped business facilities and a lot more.

**Gujarat Sales Office**

610, SILVER RADIANCE 2, Nr. Shakti Arcade, Science City Rd, Sola, Ahmedabad, Gujarat 380060

(M) 9825412359 / 9925912359 / 9099015360 / 8000812359

ALCON • VICTOR GROUP


CAMPUS
COMMERCE EDUCATION
TEACHING WITH VIRTUES...
11th • 12th
CBSE • GSEB
SCORE CARD
2023-24
G.S.E.B.
TOPPERS
JHALAK JAIN
94.29%
PR -99.88
HANS GADHECHA
(NAVKAR 1st RANK )
PR -99.80
NEIL MEHTA
(LOYOLA 1st RANK )
PR -99.43
KHELIN CHHEDA
(NAVKAR)
PR - 99.34
MAHEK LEUA
(MT. CARMEL)
PR - 99.29
MAHI DEVPURA
(TERF 1st RANK )
PR - 99.14
Legacy created every year with SCHOOL,CITY & STATE TOPPERS since 15+ years!
TEAM WORK of TEACHERS STUDENTS & PARENTS!
Not just TEACHING! Making future ready PROFESSIONALS & ENTREPRENEURS!
• Significant Improvement in 12th Score compared to 10th score!
• Majority of students scored 80% & more in core subjects!
Result speaks
Endless support
Values & Discipline
Energetic teachers
Real life connect
Overall development
Friendly push
• ACCOUNTANCY
• ECONOMICS
• B.A. / B.S / ETP
• STATS / A. MATHS
• LANGUAGES
KAUSHAL SHAH 9327024093
Navrangpura | Satellite | Bodakdev


Akash (Sagar)
9824041778
Harsh
9978887688
atulyam
Fabric That Shines You
All Kind Of Exclusive Fabrics
Fancy Dress Materials
Luknowi Work
Pure Tissue
Printed Fabrics
Designer Lehenga Choli
Exotic Dupattas
Banarasi Brocade
Work Fabric
Pure Silk Fabric
atulyamfabrics
atulyam.fabrics
kalpfab@hotmail.com
BY :KALP FAB
ATULYAM, L-14, 15, 22, 23,
RATNAM COMPLEX, OPP. ISCON ARCADE,
CG ROAD, AHMEDABAD - 380 006.
Alkeshkumar Kalpeshkumar


Infrasoul
Safety - Security - Automation
JOIN THE AUTOMATION
WAVE WITH
Z WAVE
HOGAR
A COMPLETE SECURITY I IT SOLUTION PROVIDER
079-65 450 909 | 999 897 0909
www.infrasoul.com | www.infrasoul.ae

DD

# D. D. ENTERPRISE

E-401, Sharnam Metro Link,
Nr. Apparel Park Metro Station,
Amraiwadi, Ahmedabad - 380 021.

**Phone : 079 - 45040223**

E-mail :- ddenterprise2007@rediffmail.com

**-: DISTRIBUTOR :-**
Garment, Hosiery & Loungewear

| | |
|---|---|
| Jockey | Paras Hankies |
| Barry & Clark | Color Bloom |
| Lyra Leggings | Stori |
| Sweet Dreams | Be Positive |
| Nykaa | Dare |
| Integriti | Curve T-shirts |
| One 8 Socks | Onn |
| Arvind | Killer |

*Best Wishes From*

KARNAVATI SALES MARKETING CORPORATION

**GROUP OF COMPANY**

Regd. & Admn Office Address
**KARNAVATI HOUSE**
Beside Hiramani Logistic Park,
Beside Vasundhara Industrial Estate,
Jay Ambe Hotel Lane,
B/h. Ekta Hotel Aslali, Ahmedabad.

M. No. : 9725014536 / 37 / 09 • E-mail : karnavatimktg@gmail.com

**AUTHORISED DISTRIBUTOR FOR**

cello
CELLO THERMOWARE
CELLO HOUSEWARE
CELLO APPLIANCES
CELLO MELMOWARE
CELLO OPALWARE

Moulded Furniture cello with DUROPLAST
VAYA
Apex — Successfully & Guaranteed Product
cello KLEENO
STEELO
PREMIUM QUALITY. BEST PRICE Sumeet BEST COMPANION
PICASSO HOME PRODUCTS
Liza
Super mom By Apex
KOOK Proven Utility
TEJAS
sunpet JARS & BOTTLES

**"COMPANION FOR MODERN LIFE"**

FILMIC PAPARAZZO

(Scan to Check our Work)

Dhrumil Shah
+91 9106657258

E 905 Titanium City Centre (Corporate Offices)
Near Sachin Tower, Prahladnagar - 380051

• Wedding • Pre Wedding • Birthday Party • Baby Shower
• Indoor / Outdoor Maternity Shoot • Corporate Events • LED & LIVE
• Photo Albums & Frames • Video Editing • Photo Editing & Many More...

EVERYTHING IN PHOTOGRAPHY & VIDEOGRAPHY



A Place Where People Trust
RAJENDRA
JEWELLERS PVT. LTD.
Gold & Diamond Jewellery
Gold Antique Jewellery
(Govt. Approved Valuer)

6-G FLOOR, 103-1ST FLOOR, NATIONAL PLAZA,
C.G.ROAD, OPP. LAL BUNGLOW,
AHMEDABAD, GUJARAT 380009

MO.. 98250 18891, 98252 18893, 97120 57444
PH.. 26560670/71

CA Yesha Doshi

Deals in : Home Loan, Car Loan, Mortgage Loan, Construction Loan, Loan Against Property, Business Loan

Yesha Doshi
& Associates

Also Deals in Book Keeping, GST, TDS Return & Income Tax Return

G-1, Ashwamegh Avenue, Nr. Mithakhali Under Bridge,
Mithakhali Six Cross Road, Navrangpura, Ahmedabad-380009
9429620317 doshi.financeassociates@gmail.com

DHOLAKIA STUDIO

B-1, Shivalik Business Center, B/h. Rajpath Club, Opp. Kensville golf academy,
S.G. Road, Ahmedabad-380054 • Ph. +91 79 29091133 / 92274 96961-2-3
Website: www.dholakiastudio.com • contact@dholakiastudio.com

New Attractions
- pre wedding shooting & Photography - indoor & out door
- DSLR video filming - short & long version
- best packages on studio photography - matrimonial - kids & family
- personalized gift items with photos - mug - t shirts - collages - gift cards etc.
- attractive photo frames
- video filming with HD cameras
- digital photography
- live telecast through internet
- documentary film
- commercial video - photography
- photo lamination - framing
- designer album
- old album to new album
- portraits - portfolio
- vhs / min dv / hdv to cd - dvd - blueray

EVERYTHING IN VIDEO & PHOTOGRAPHY

Registered under Postal Registration No. GUJ-314/2024-2026 Valid up to 31st December 2026 issued by SSPO's Ahmedabad City Division, Permitted to Post at Ahmedabad PSO on 18th of Every Month

JANUARY - 2025 Page No. 48 R.N.I. No. GUJGUJ/2004/14264 Reg. No. GUJ-314/2024-2026


વિશ્વની નંબર ૧ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ ટેકનોલોજી હવે કે. ડી. હોસ્પિટલ માં

કુશળ હાથો દ્વારા રોબોટિક્સ ટેકનોલોજીનો અનુભવ કરો



**ડૉ. અમીર સંઘવી**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ એન્ડ માઈક્રોપ્લાસ્ટી સર્જન
જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ફેલોશીપસ : ઓસ્ટ્રેલિયા, યુ.કે., ઈટલી અને યુ.એસ.એ.
+91 98250 66013

**ડૉ. અતીત શર્મા**
ની હિપ એન્ડ શોલ્ડર રિપ્લેસમેન્ટ સર્જન
+91 98240 61766

**ડૉ. ચિરાગ પટેલ**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 24473

**ડૉ. હેમાંગ અંબાની**
ની રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 20120




**અપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો : +91 95744 45559**

KD Hospital™
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

Shree Orthocare
Strength in Togetherness

www.kdhospital.co.in KDHospitalOfficial KD Hospital kdhospitalofficial

Vaishnodevi Circle, SG Road, Ahmedabad - 382421, Call : +91 98240 33360


પ્રેષક : If undelivered to return to Reg. No. GUJ-314/2024-2026 Valid up to 31-12-2026

**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ**

"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ-૯. ફોન : ૦૭૯-૪૯૩૮ ૮૭૮૮

પ્રતિ શ્રી, ______________________

Printed and Published CHETAN RAMANLAL SHAH on behalf of SHRI ZALAWAD VISHA SHRIMALI STHANAKWASI JAIN SAMAJ and Printed Jay Offset (Gujarat) Private Limited, 15, Panchratna Industrial Estate, Sarkhej Bavla Highway, Changodar, Ahmedabad - 382 213 and Published from "SHANTAM", 5'th Floor, Near Havmore Restaurant, Navrangpura, Ahmedabad - 380 009. Editor - PRITIBEN NARENDRABHAI SHAH